RNI No. GUJGUJ/2013/52771

# નેસ્ટ ઇન્ડીયા હોટલાઇન

# NEST INDIA HOTLINE

(GUJARATI DAILY)

Tel./Fax : (079) 26466611

Editor : Gautam Chandulal Barot • nestindiahotlinegujaratidaily@gmail.com • www.nestindiahotlinegujaratidaily.com • Chief Reporter : Praful Parikh

Year : 4 • Issue : 243 • Tuesday • Date 11-7-2017 • Price : Rs. 1 • Page : 4 • Place of Publication : 21, Somvilla Bunglows, Opp. Asopalav Bunglow, Bhaikakanagar, Thaltej, Ahmedabad-59.

### સેંસેક્સ ૩૫૫ પોઇન્ટ ઉછળીને નવી ઉંચી સપાટી ઉપર રહ્યો

# શેરબજારમાં તેજી : સેંસેક્સ પ્રથમવાર ૩૧૭૦૦થી ઉપર

### ઈન્ટ્રા ડેમાં ૪૦૮ પોઇન્ટનો ઉછાળો એક વખતે નોંધાયો હતો : નિફ્ટી ૧૦૫ પોઈન્ટ સુધરીને ૯૭૭૧ની રેકોર્ડ ઉંચી સપાટીએ : કારોબારીઓ ખુશખુશાલ

મુંબઈ,તા. ૧૦

શેરબજારમાં આજે જોરદાર તેજી જોવા મળી હતી. કારોબારના અંતે સેંસેક્સ પ્રથમ વખત ૩૧૭૦૦થી ઉપરની સપાટીએ રહ્યો હતો. સેંસેક્સ ૩૫૫ પોઇન્ટ સુધરીને ૩૧૭૧૫ની ઉંચી સપાટી પર રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૧૦૫ પોઈન્ટ સુધરીનો ૯૭૭૧ની ઉંચી સપાટી પર રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ અને સ્મોલ કેપ ઈન્ડેક્સમાં ઉતારચઢાવની સ્થિતી રહી હતી. ઈન્ટ્રા ડે દરમિયાન સેંસેક્સ એક વખત ૪૦૮ પોઈન્ટ સુધરી ઉછળ્યો હતો. નિફ્ટી અને સેંસેક્સ બન્ને નવી ક્લોઝિંગ હાઈ સપાટી પર રહ્યા હતા. આજે કારોબાર દરમિયાન જે શેરમા જોરદાર તેજી રહી હતી તેમાં ભારતી એરટેલ, ટીસીએસ, વિપ્રો, લુપિન અને કોલ ઈન્ડિયાનો સમાવેશ થાય છે. આ તમામ શેરમાં જોરદાર તેજી રહી હતી. આવી જ રીતે એમએન્ડએમ, આઈટીસી અને એચયુઅલમાં સૌથી વધુ ઘટાડો રહ્યો હતો. આઈડીફસી અને શ્રીરામ ગ્રુપ ઓફ કંપનીના શેરમાં ૭.૪ કા સુધીનો ઘટાડો થયો છે. તેઓ મર્જ માટે તૈયાર થઈ જતા હવે નવી આશા જાગી છે. ભારતી એરટેલ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને મારૂતિ સુઝુકીના શેરમાં બાવન સપ્તાહની ઉંચી સપાટી જોવા મળી હતી. રિટેલ ફુગાવો મે મહિનામાં ૨.૧૮ ટકાની ઓલટાઈમ નીચી સપાટીએ પહોંચી ગયો છે. સીપીઆઈ આધારિત રિટેલ ફુગાવો એપ્રિલ ૨૦૧૭માં ૨.૯૯ અને મે ૨૦૧૬માં ૫.૭૬ ટકા હતો.ગયા સોમવારના દિવસે જારી કરવામાં આવેલા રિટેલ ફુગાવાના આંકડા બાદ શાકભાજીના ભાવમાં ૧૩.૪૪ ટકા સુધીનો રેકોર્ડ ઘટાડો થયો છે. આવી જ રીતે કઠોળ અને પ્રોડકટની કિંમતમાં ૧૯.૪૫ ટકાના ઘટાડો થયો છે. ખાદ્યાન્ન ચીજવસ્તુઓની કિંમતમાં ઘટાડો થતાં હોલેસલ ફુગાવો મે મહિનામાં ઘટીને પાંચ મહિનાની નીચી સપાટીએ પહોંચી જતાં તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય લોકોને મોટી રાહત થઈ છે.મે મહિનામાં ડબલ્યુપીઆઈ ફુગાવો ઘટીને ૨.૧૭ ટકા થઈ ગયા છે જે પાંચ મહિનાની સૌથી નીચી સપાટી છે.ફુગાવો અગાઉ ૩.૮૫ ટકા હતો. હાલમાં જ ફ્યુઅલ ફુગાવો સતત ચોથા મહિનામાં ઘટ્યો છે.

હોલસેલ ફુગાવો ઘટતા સામાન્ય લોકોને આગામી દિવસોમાં રાહત મળવાની શક્યતા દેખાઈ રહી છે.આ મહિનાની શરૂઆતમાં જ રિઝર્વ બેંકે રેપોરેટ અને અન્ય ચાવીરુપ રેટ યથાવત રાખ્યા હતા.તમામ ચાવીરુપ રેટમાં સીઆરઆર, રિવર્સ રેપોરેટ, બેંકરેટ યથાવત રખાયા હતા.ગયા મહિનામાં પોલિસી બેઠકમાં યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા રેટને યથાવત ૦.૭૫ ટકા અને એક ટકા વચ્ચે રાખવામાં આવ્યા હતા. મે મહિનામાં રિટેલ મોંઘવારી રેકોર્ડ નિચી સપાટીએ પહોંચી જાતા સામાન્ય લોકોને રાહત મળવાની વકી છે. ખાદ્યાન્ન વસ્તુઓની કિંમતમાં ઘટાડો નોંધાવવાના કારણે મે પહોંચી ગયો છે. આજે કારોબાર દરમિયાન ભારતી એરટેલના શેરમાં પાંચ ટકાનો સુધારો રહ્યો હતો. જ્યારે જે તેની ઓગષ્ટ ૨૦૧૫ બાદથી સૌથી ઉંચી સપાટી છે. રિલાયન્સ કોમ્યુનિકેશનના શેરમાં ૬.૪ ટકાનો સુધારો રહ્યો હતો. એયુ સ્મોલ ફાયનાન્સ બેંકાના શેરમાં પણ સારી સ્થિતિ રહી હતી.



### નાણામંત્રાલય દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી

# જીએસટીમાં રૂપિયા ૫૦૦૦૦ સુધીની ગિફ્ટ ટેક્સમાંથી મુક્ત

### ૫૦૦૦૦થી ઉપરની કિંમતની ગિફ્ટ જીએસટીમાં રહેશે

નવીદિલ્હી, તા. ૧૦

નાણામંત્રાલ્ય દ્વારા આજે કહેવામાં આવ્યું હતું કે, કંપની દ્વારા તેના કર્મચારીઓને એક વર્ષ દરમિયાન રૂપિયા ૫૦૦૦૦ સુધીની કોઈપણ પ્રકારની ગીફ્ટ જીએસટીની જાળમાંથી મુક્તિ ધરાવે છે. નાણામંત્રાલય દ્વારા માઈક્રોબ્લોગિંગ સાઈટ ટ્વિટર ઉપર આજે આ મુજબની માહિતી આપવામાં આવી હતી જેમાં જણાવવામાં આવ્યું છે કે, એક વર્ષમાં ૫૦૦૦૦ રૂપિયા સુધીની કિંમતની ગિફ્ટ જે કંપની દ્વારા તેના કર્મચારીઓને આપવામાં આવે છે તે જીએસટીની જાળથી મુક્ત છે. જો કે, ૫૦૦૦૦થી ઉપરની કિંમતની ગિફ્ટનો જીએસટીની જાળમાં ગણવામાં આવશે. આ અંગેની સ્પષ્ટતા કરવામાં આવ્યા બાદ કારોબારીઓ અને કંપનીઓમાં પણ આજે આની ચર્ચા જોવા મળી હતી. નાણા મંત્રાલયનું કહેવું છે કે, જીએસટી હેઠળ ઈનપુટ ટેક્સ ક્રેડિટમાં ક્લબ, હેલ્થ અને ફિટનેસ સેન્ટરની મેમ્બરશીપના આઈટીસીને મંજુરી આપવામાં આવી નથી. કંપની દ્વારા ચુકવવામાં આવતા ટેક્સ જે નવી સામગ્રી અથવા તો સર્વિસ માટે ખરીદવામાં આવે છે ત્યારે તેને ઈન્પુટ ટેક્સ તરીકે ગણવામાં આવે છે.

જીએસટી વ્યવસ્થા હાલમાં જ ભારતમાં અમલી કરવામાં આવી ચુકી છે. સ્વતંત્રતા બાદ જીએસટીની વ્યવસ્થા અમલી બન્યા બાદ આની દેશભરમાં હાલ ચર્ચા જોવા મળી રહી છે. યુનિફોર્મ ટેક્સ વ્યવસ્થા હેઠળ દેશને લાવવાના ભાગરુપે જીએસટી વ્યવસ્થા પહેલી જુલાઈના દિવસે અમલી બનાવી દેવામાં આવી હતી. કંપની તરફથી કર્મચારીઓને આપવામાં આવતી ગિફ્ટને લઈને હાલમાં ભારે ચર્ચા રહી હતી. આને લઈને દુવિધાભરી સ્થિતિ પ્રવર્તી રહી હતી. આખરે નાણાં મંત્રાલય દ્વારા માઈક્રોબ્લોગિંગ સાઈટ ટ્વિટર ઉપર આ અંગેની સ્પષ્ટતા કરવામાં આવી છે. મંત્રાલયનું કહેવું છે કે, કંપનીઓ દ્વારા પણ આ અંગેની વાત કરવા વારંવાર રજૂઆત કરવામાં આવી રહી હતી. જીએસટી વ્યવસ્થા હેઠળ ઘણી ચીજવસ્તુઓ વધુ સસ્તી બની છે.

### વિજય માલ્યા સુપ્રીમમાં ઉપસ્થિત થઈ શક્યા નહીં

નવીદિલ્હી, તા.૧૦

એસબીઆઈના નેતૃત્વમાં બેંકોના કન્સોર્ટિયમ દ્વારા દાખલ કરવામાં આવેલા તિરસ્કારના કેસમાં વિવાદાસ્પદ કારોબારી વિજય માલ્યા આજે સુપ્રીમ કોર્ટમાં ઉપસ્થિત થવામાં નિષ્ફળ રહ્યા હતા. સુપ્રીમ કોર્ટે વિજય માલ્યાને દોષિત ઠેરવ્યા છે. આ સમગ્ર મામલામાં હવે વધુ સુનાવણી ૧૪મી જુલાઈના દિવસે હાથ ધરવામાં આવશે. જસ્ટિસ એકે ગોયેલ અને યુયુ લલિતની બનેલી બેંચે ૧૪મી જુલાઈના દિવસે મામલામાં સુનાવણી હાથ ધરવાનો નિર્ણય કર્યો હતો. સાથે સાથે આ કેસમાં સોલીસીટર જનરલની પણ મદદ માંગી છે.સુપ્રીમ કોર્ટે ૯મી મેના દિવસે વિજય માલ્યાને અપરાધી ઠેરવ્યા હતા.




### પ્રવાહ અને પરિણામ મળવામાં વિલંબ થવાની પણ સંભાવના

# ગુજરાત ચૂંટણીમાં VVPATનો ઉપયોગ કરવા ચૂંટણી પંચ તૈયાર

### હવે તમામ વિધાનસભા અથવા તો લોકસભાની સીટો પૈકીના કેટલાક ચોક્કસ પોલિંગ સ્ટેશનો ઉપર વીવીપેટ સ્લીપની પણ ગણતરી કરવા માટેની વિચારણા

નવી દિલ્હી,તા. ૧૦

ગુજરાત અને હિમાચલ પ્રદેશની આગામી વિધાનસભાની ચૂંટણીમાં ૧૦૦ ટકા વોટર વેરિફિએબલ પેપર ઓડિટ ટ્રેલ અથવા તો વીવીપેટનો ઉપયોગ કરવામાં આવનાર છે. ચૂંટણી પંચ દ્વારા આ અંગેની તૈયારી હાથ ધરી છે. ચૂંટણી પંચ આ બાબતની તૈયારીમાં છે કે તમામ વિધાનસભા અથવા તો લોકસભા સીટના કેટલાક ચોક્કસ પોલિંગ સ્ટેશન પર વીવીપેટ સ્લિપ્સની ગણતરી કરવામાં આવે. જો કે ચૂંટણી પંચના પ્રાથમિક મુલ્યાંકન મુજબ આ પ્રકારની નવી વ્યવસ્થા અમલી કરવામાં આવ્યા બાદ ચૂંટણીના પરિણામ જાહેર કરવામાં ત્રણ કલાક સુધીનો વિલંબ થઈ શકે છે. પંચના સુત્રોએ કહ્યું છે ક સંપૂર્ણપણે વીવીપેટ પર આધારિત ચૂંટણી અને કેટલાક પોલિંગ સ્ટેશન પર સ્લિપ્સની ગણતરીને લઈને રચાવામાં આવેલી સમિતી કેટલાક પાસા પર વિચારણા કરી રહી છે. આ સમિતી આ બાબત પર પણ વિચારણા કરી રહી છે કે આ સ્લિપ્સની ગણતરી ક્યારે કરવામાં આવે.

ચૂંટણી પંચના એક અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે જો આની ગણતરી પહેલા કરવામાં આવે તો પરિણામ આવવામાં વિલંબ થઈ શકે છે. હાલમાં ઈવીએમ પર ગણતરી શરૂ કરવામાં આવ્યા બાદ અડધા કલાકમાં પ્રવાહ મળવાની શરૂઆત થઈ જાય છે. જો કે નવી વ્યવસ્થાને પણ ધ્યાનમાં લેવામાં આવ્યા બાદ પરિણામ જાહેર થવામાં અને પ્રવાહ આવવામાં વિલંબ થઈ શકે છે. નિષ્ણાંત લોકોનું કહેવું છે કે જો આ પેપર સ્લીપ્સની ગણતરી ઈવીએમ કાઉન્ટ બાદ કરવામાં આવે છે તો ચૂંટણી પરિણામ જાહેર કરવામાં ત્રણ કલાકનો સમય લાગી શકે છે. મેન્યુઅલ કાઉન્ટિંગ રાઉન્ડમાં વધારે સમય લાગે છે. આશા છે કે પંચ ટુંકમાં વીવીપેટને લઈને નવી માર્ગદર્શિકા જાહેર કરી શકે છે. જાણકાર લોકોનું કહેવું છે કે, જો પ્રવાહ હોવામાં ૧૧ વાગ્યા સુધી વિલંબ થશે તો હરીફ પાર્ટીના વર્કર્સ વચ્ચે કાઉન્ટિંગ સેન્ટર પર ઝપાઝપી થઈ શકે છે. અધિકારીનું કહેવું છે કે, જો આ પેપર્સ સ્લીપની ગણતરી ઈવીએમ કાઉન્ટિંગ બાદ કરવામાં આવશે તો પરિણામમાં વિલંબ થઈ શકે છે. આ વર્ષના અંત સુધી ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં થનાર વિધાનસભા ચૂંટણીમાં આની શરૂઆત થઈ શકે છે. ચૂંટણી પંચના એક અધિકારીએ કહ્યું છે કે, અમે નિયમોમાં સુધારા કરવા જઈ રહ્યા નથી. આનાથી પ્રક્રિયા લાંબી થઈ જશે. ચૂંટણી પંચ તરફથી રચવામાં આવેલી સમિતિ એક સીટમાં ૪થી ૫ પોલિંગ સ્ટેશનોમાં પેપર્સ સ્લીપની ગણતરી કરવાના પક્ષમાં છે. અલબત્ત આમ આદમી પાર્ટી ૨૫ ટકા બુથ પર આ પ્રકારની ગણતરી કરવા ઈચ્છુક છે. પંચના અધિકારીએ કહ્યું છે કે, આ ખુબ જ અવ્યવહારિક છે. આનાથી કાઉન્ટિંગમાં ખુબ વિલંબ થશે અને પરિણામ પણ ૨૬ કલાક મોડેથી જાહેર થઈ શકે છે.

## તંત્રી લેખ...

### નીતિશ માટે મોંઘુદાટ મનોરંજન... લાલુ પરિવારમાં જોકર... જોકરોની અછત નથી...

ગુજરાત કોંગ્રેસનો મનોરંજક પ્રશ્ન મોવડી સુધી પહોંચ્યો. મોવડી એટલે રાહુલ... રાહુલ ખુદ કોંગ્રેસના મહાકોયડા સમાન છે. દેશભરના કોંગીજનોએ પક્ષને બચાવવા હોય તો આ મહાકોયડો ઉકેલવો જરૂરી છે, ગુજરાતનાં કોંગીજનો રાહુલ પાસે ઉકેલની આશા રાખે છે.... ભ્રષ્ટાચાર-આતંક જેવા ગંભીર મુદ્દે કોંગ્રેસ નીતિ વિષયક બાબતે વારંવાર હાસ્યાસ્પદ બને છે. બિહારમાં લાલુ પરિવારનો ભ્રષ્ટાચાર છાપરે ચઢીને તાંડવ કરે છે. નીતિશકુમાર આ મુ?દ્દે મૌન છે, પરંતુ બિહારથી રાષ્ટ્રીયસ્તર સુધીના કોંગીજનો લાલુની તરફેણમાં ખુલ્લેઆમ મેદાનમાં આવી ગયા છે. હાસ્યાસ્પદ દૃશ્ય હવે શરૂ થાય છે. ચહેરા પર નિરંતર ગોળમટોળ હાસ્ય જાળવી રાખનાર કોંગ્રેસના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર મીરાકુમાર લાલુ મુદ્દે ફસાઈ ગયા. નૈતિકતાની વાતો ટીવી પડદે ચાલતી હતી, મીરાકુમાર ફુલ મુડમાં હતાં. લાઈવ પ્રસારણ થતું હતું, ઈન્ટરવ્યુમાં લાલુનો મુદ્દો ઉઠતા ગોળમટોળ ચહેરા પરનું હાસ્ય અલોપ થઈ ગયું. મીરાએ ઘુંઘરું વગર નૃત્ય કરવું પડયું. ભ્રષ્ટ લાલુનો 'લાઈવ' વિરોધ કરવો પડયો. સોનિયાજી સહિતના કોંગીજનો લાલુનો તરફેણ કરે છે, તેનું શું ? આ પ્રશ્નના જવાબમાં મીરાકુમાર બોલ્યા, 'હું પક્ષને સમજાવીશ !' લાલુ પરિવારનું સરકસ સાથી પક્ષોને જોકરની ભૂમિકા ભજવવા મજબૂર કરી રહ્યું છે. કોંગ્રેસ હાસ્યાસ્પદ બની છે, પણ આ સરકસ નીતિશ કુમાર માટે મોંઘુદાટ સાબિત થઈ રહ્યું છે. શુધ્ધ અને શ્રેષ્ઠ નેતાગીરીની છબી ધરાવતા નીતિશ લાલુ સરકસના રિંગ માસ્ટર જેવા બની ગયા છે. લાલુ-પુત્ર અને બિહારના ઉપપ્રમુખ્યમંત્રી તેજસ્વી યાદવ પર ભ્રષ્ટાચાર મામલે એફઆઈઆર. થઈ છે. નીતિશની છબી પ્રમાણે સરકારમાંથી તેજસ્વીનો વિદાય સમારંભ થઈ જવો જોઈએ, પણ લાલુ યાદવ તેજસ્વીને હલબલાવવાના મૂડમાં નથી. આર. જે. ડી. ની આજે બેઠક ચાલી રહી છે. માનો કે નીતિશ જીદ કરીને તેજસ્વીને દૂર કરે તો લાલુના પારિવારિક સરકસમાં નમૂનાનો અછત નથી. આ સરકસની રિંગ માસ્ટર ભૂમિકાથી નીતિશને મુકિત મળે તેમ નથી. નીતિશ સાથે રાબડી ઉપમુખ્યમંત્રી હોય તેવું સરકારી સરકસ નીતિશની આબરુ સ્વાહા કરી શકે છે. જો કે, નીતિશ કુમારની રાજનીતિ જેડીયુને પણ સમજાતી નહિ હોય. આ નેતા વિચક્ષણ છે. રાષ્ટ્રપતિપદની ચૂંટણીમાં મોદીના ઉમેદવારને ખૂલ્લું સમર્થન આપ્યું છે. ઉપરાષ્ટ્રપતિપદ માટે નીતિશ કોંગ્રેસ - વિપક્ષ સાથે છે. નોટબંધી વખતે નીતિશ મોદી સાથે રહીને વિપક્ષની હવા કાઢી નાખી હતી. જીએસટી મુદ્દે પણ સરકારની તરફેણ કરીને વિપક્ષને લટકાવી દીધો હતો. નીતિશ કુમારની ક્ષમતા મમતાથી માંડીને સોનિયા સુધીના આત્માઓને જોકર જેવા બનાવી દેવાની છે, પણ લાલુનું સરકસ નીતિશને રિંગ માસ્ટર બનાવીને દેશ સામે મસ્ત મનોરંજન પૂરું પાડે છે. નીતિશ પોતાના વ્યકિતત્વ અનુરૂપ રિંગ માસ્ટરની ભૂમિકા વધારે સમય ભજવી શકે તેમ નથી. બે સંભાવના છે. નીતિશ દંભી બિનસાંપ્રદાયિકોના ટોળાને છોડીને મોદીના ટોળામાં સામેલ થઈ જાય, અથવા લાલુના સરકસમાં બળવો કરાવીને લાલુમુકત બળવાખોરના ટોળાના સહયોગથી સરકાર ચલાવે. બિહારમાં લાલુ પરિવાર વધારે સમય સત્તાનું સુખ માણે તેમ લાગતું નથી. દંભી બિનસાંપ્રદાયિકતાના નશામાં નીતિશે મોદિત્વનો ત્યાગ કર્યો હતો અને ચૂંટણી જીતવા લાલુના પગ પકડયા હતાં. જીત મેળવી, પણ લાલુના સરકસમાં ભૂમિકા ભજવવી મોંઘીદાટ સાબિત થઈ રહી છે. લાલુ પરિવારની આબરું જવાનો સવાલ જ નથી, કારણ કે આબરુ સ્ટોકમાં હોય તો જાય ને.... નીતિશ ખરેખર આબરુદાર છે. આબરુનો સ્ટોક બચાવવા બિહારમાં રાજકીય ઉથલપાથલ અનિવાર્ય છે.

# આતંકવાદી હુમલામાં બે અમરનાથ યાત્રીના મોત

નવીદિલ્હી, તા. ૧૦

જમ્મુ કાશ્મીરના અનંતનાગ જિલ્લાના બાટેંગુ વિસ્તારમાં આતંકવાદીઓએ આજે પોલીસ ટુકડી ઉપર ભીષણ હુમલો કર્યો હતો. દક્ષિણ કાશ્મીરમાં શ્રીનગર-જમ્મુ હાઈવે પર અમરનાથ યાત્રીઓને સુરક્ષા ઉપલબ્ધ કરાવી રહેલી પોલીસ ટીમ ઉપર આ હુમલો કરવામાં આવ્યા બાદ આમા બે અમરનાથ શ્રદ્ધાળુઓના મોત થયા છે.અન્ય કેટલાક શ્રદ્ધાળુ ઘાયલ થયા હોવાના અહેવાલ પણ મળ્યા છે. બનાવ અંગે માહિતીઆપતા પોલીસ અધિકારીએ કહ્યું છે કે, અમરનાથ યાત્રીઓને ટાર્ગેટ બનાવીને આ હુમલો કરવામાં આવ્યો હતો. પોલીસ ટુકડી ઉપર ત્રાસવાદીઓ દ્વારા હુમલો કરવામાં આવ્યો ત્યારે અમરનાથ શ્રદ્ધાળુઓને લઈને જતી બસ ઉપર પણ ગોળીબાર થયો હતો જેમાં બે અમરનાથ યાત્રીઓના મોત થયા હતા. અગાઉ જમ્મુ કાશ્મીરના અલગતાવાદી લીડરોને આવરી લેતા ટેરર ફંડિંગ કેસમાં તપાસ કરી રહેલી તપાસ સંસ્થા નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સીએ શ્રીનગરની જામિયા મસ્જિદ અને ઈસ્લામિયા સ્કૂલને નોટિસ ફટકારી છે. આ બંને સંસ્થા હુર્રિયત લીડર મીરવાઈઝ ઉંમર ફારુક સાથે સંબંધ ધરાવે છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, નોટિસ હાલમાં જ મોકલવામાં આવી હતી. પાકિસ્તાન તરફથી ત્રાસવાદી ફંડિંગના સંદર્ભમાં અલગતાવાદીઓની એનઆઈએ દ્વારા આકરી પુછપરછ કરવામાં આવ્યા બાદ આ નોટિસ ફટકારવામાં આવી છે. જામિયા મસ્જિદ દરગાહ અને ઈસ્લામિયા સ્કૂલ શિક્ષણ અને ધર્મની જુની ખીણની સંસ્થાઓ છે. દરમિયાન આજે અંકુશરેખા ઉપર ઘુસણખોરીના એક પ્રયાસને સેનાએ નિષ્ફળ બન્યો હતો જેમાં બે ત્રાસવાદીઓ માર્યા ગયા હતા.

# ૧૭મીએ રાજયની દસ હજાર ગ્રાન્ટેડ શાળામાં બંધનું એલાન

અમદાવાદ, તા.૧૦

રાજયની ગ્રાન્ટેડ શાળાના શિક્ષકો અને આચાર્યોએ આજે સાતમા પગાર પંચના અમલ સહિતની માંગણીઓને લઈને ડીઈઓ કચેરી ખાતે મૌન ધરણાં અને દેખાવોના કાર્યક્રમ યોજયા હતા. બીજીબાજુ, ગુજરાત રાજય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિ દ્વારા તા.૧૭મી જૂલાઈના રોજ ગુજરાતભરની દસ હજાર જેટલી ગ્રાન્ટેડ શાળાઓ બંધ રાખવાનું એલાન આપવામાં આવ્યું હતું. એ દિવસે રાજયભરમાં ગ્રાન્ટેડ શાળાના શિક્ષકો અને આચાર્યો એકસાથે સામૂહિક રીતે માસ સીએલ પર ઉતરશે અને શાળાઓમાં શૈક્ષણિક કાર્ય ઠપ્પ કરી દેશે. સાતમા પગાર પંચના અમલ સહિતની માંગણીઓ સાથે ગુજરાત રાજય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિ દ્વારા છેલ્લા કેટલાક દિવસોથી આંદોલન છેડવામાં આવ્યું છે અને સરકારને વારંવાર રજૂઆતો કરી તેઓની પડતર માંગણીઓ ઉકેલવા જણાવ્યું છે પરંતુ સરકાર તરફથી કોઈ હકારાત્મક વલણ નહી દાખવાતાં દિન-પ્રતિદિન આ આંદોલન જોર પકડતું જાય છે. જેમાં તબક્કાવાર વિરોધ અને દેખાવોના નવા નવા કાર્યક્રમો યોજાતા છે. આજે શહેરની ડીઈઓ કચેરી ખાતે ગ્રાન્ટેડ શાળાના શિક્ષકો અને આચાર્યો ખૂબ મોટી સંખ્યામાં એકત્ર થયા હતા અને તેઓએ મૌન ધરણાં અને દેખાવો યોજી અનોખો વિરોધ વ્યકત કર્યો હતો. પોતાના વિરોધ પ્રદર્શન દ્વારા ગ્રાન્ટેડ શાળાના શિક્ષકો અને આચાર્યો દ્વારા સાતમા પગાર પંચના અમલ સહિતની માંગણીઓનો પુનરોચ્ચાર કર્યો હતો. દરમ્યાન ખૂબ મોટી સંખ્યામાં એકત્ર થયેલા ગ્રાન્ટેડ શાળાના શિક્ષકો અને આચાર્યોની સમંતિથી ગુજરાત રાજય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિની બેઠકમાં તા.૧૭મી જૂલાઈએ રાજયભરની દસ હજાર જેટલી ગ્રાન્ટેડ શાળાઓ બંધ રાખવાનો આંદોલનાત્મક નિર્ણય જાહેર કરાયો હતો. એ દિવસે રાજયભરની ગ્રાન્ટેડ શાળાઓના શિક્ષકો અને આચાર્યો માસ સીએલ પર ઉતરી પોતાનો વિરોધ વ્યકત કરશે અને શાળાઓમાં શૈક્ષણિક કામકાજ બિલકુલ ઠપ્પ કરી દેશે.

# સતત ફ્લોપ થઈ રહેલી ફિલ્મોથી કેટરીના હેરાન

### જગ્ગા જાસુસને લઈને કેટરીના આશાવાદી છે



મુંબઈ,તા. ૧૦

બોલિવુડની લોકપ્રિય અભિનેત્રી કેટરીના કેફ હાલના દિવસોમાં પોતાની ૧૪મી જુલાઈના દિવસે રજૂ થઈ રહેલી ફિલ્મ જગ્ગા જાસુસને લઈને ખુબ વ્યસ્ત છે. આ ફિલ્મમાં તેની સાથે રણબીર કપુરની ભૂમિકા છે. ફિલ્મનુનિર્દેશન અનુરાગ કશ્યપ દ્વારા કરવામાં આવ્યુ છે. આ ફિલ્મમાં સંગીત પ્રીતમ દ્વારા આપવામાં આવ્યુ છે. ફિલ્મમાં કુલ ૨૦ ગીતો હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે. ભારે વિલંબ થયા બાદ આ ફિલ્મ આખરે રજૂ થવાની તૈયારીમાં છે. કેટરીના કેફે પોતાની ફિલ્મો કેમ ફલોપ સાબિત થઈ રહી છે તે અંગે હાલમાં કહેવુ છે કે તે ફરી ફિલ્મો પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. થોડાક સમય પહેલા કરેલી ભુલોને સુધારી રહી છે. જગ્ગા જાસુસમાં ખુબ મહેનત કરી હોવાનો દાવો કેફે કર્યો છે. આ ફિલ્મને કેવો પ્રતિસાદ મળે છે તે બાબત તો મજબુત મિત્રતા અને ત્યારબાદ તેની સાથે સંબંધોમાં બ્રેક અપના કારણે કેટરીના સંપૂર્ણપણે ભાંગી પડી હતી. હવે ફરી ધીમે ધીમે નિરાશામાંથી બહાર નિકળી રહી છે. કેટરીના કેફ બોલિવુડમાં સૌથી લોકપ્રિય સ્ટાર

### હાલની ફિલ્મને૧૦૦ ટકા ન્યાય આપી શકી નથી : કેટ

માહિતી આપી હતી. કેટરીના કેફે કહ્યું છે કે હાલમાં તેનું ધ્યાન ફિલ્મથી અન્યત્ર કેન્દ્રિત થઈ ગયું હતું. તે કેટલાક વિવાદમાંથી પસાર થઈ હતી. તે આ ગાળામાં રજૂ થયેલી ફિલ્મો પર ધ્યાન આપી શકી ન હતી. હવે કેટરીના કેફનું લોકો જ નક્કી કરશે. કેચરીના કેફની છેલ્લા કેટલીક ફિલ્મો બિલકુલ ફલોપ રહી છે. જેમાં ફિતુર, બાર બાર દેખોનો સમાવેશ થાય છે. તેની અને રણબીર કપુર વચ્ચે તમામ બાબતો યોગ્ય રીતે ચાલી રહી ન હતી. રણબીર કપુર સાથે પૈકીની એક તરીકે રહી છે. તે નંબર વનની દોડમાં સૌથી આગળ રહી છે. તે એકલા હાથે પણ ફિલ્મો હિટ કરવાની ક્ષમતા ધરાવે છે. ત્રણેય ખાન સાથે કામ કર્યા બાદ તે હવે વધારે અનુભવી સ્ટાર તરીકે ઉભરી છે.

### નીતિશ કુમાર અલગ જ અભિપ્રાય આપી શકે

# ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં પણ નીતિશ ફટકો આપશે

### ઉપરાષ્ટ્રતિની ચૂંટણીમાં ઉમેદવારને લઈને મળનાર બિન એનડીએ પક્ષોની બેઠકમાં નીતિશ કુમાર ભાગ લેશ નહીં

પટણા,તા. ૧૦

રાષ્ટ્રપતિની ચૂંટણી માટે વિપક્ષી એકતાના પ્રયાસને મોટો ફટકો આપ્યા બાદ હવે બિહારના મુખ્યપ્રધાન નીતિશ કુમાર ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં પણ પોતાનો અલગ અભિપ્રાય રજૂ કરવાની તૈયારીમાં છે. મળેલી માહિતી મુજબ ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં ઉમેદવારને લઈને મંગળવારના દિવસે યોજાનાર બિન એનડીએ પક્ષોની બેઠકમાં ભાગ ન લેવાનો નિર્ણય નીતિશ કુમાર કરી ચુક્યા છે. આ અગાઉ નીતિશ કુમારે બિન ભાજપ પક્ષોની તરફથી રાષ્ટ્રપતિ પદના ઉમેદવારને લઈને મળેલી બેઠકમાં પણ ભાગ નહીં લેવાનો નિર્ણય કર્યો હતો. જો કે હાલમાં જેડીયુએ સાફ શબ્દોમાં કહ્યુ છે કે ઉપરાષ્ટ્રપતિ ચૂંટણીમાં પાર્ટી યુપીના ઉમેદવારને સાથ આપી શકે છે. અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે મુખ્યપ્રધાન હાલમાં વાયરલ ઈન્ફેકશનમાંથી બહાર નિકળવાના પ્રયાસ કરી રહ્યા છે. મંગળવારના દિવસે બિન ભાજપ પક્ષોની ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર અંગે ચર્ચા કરવા બેઠક મળનાર છે. આવતીકાલે જ જેડીયુ દ્વારા પણ પોતાના ધારાસભ્યોની એક બેઠક પટણામાં બોલાવી છે. જેમાં સાંસદો પણ હાજર રહેનાર છે. આ ઉપરાંત બિહાર સરકારમાં ગઠબંધન સાથી પક્ષ આરજેડી વડા લાલુ પ્રસાદ યાદવ દ્વારા પણ હાલમાં આક્રમક વલણ અપનાવવામાં આવી રહ્યુ છે. લાલુ અને તેમના પરિવારના સભ્યો પર ઈડી અને સીબીઆઈ દ્વારા સતત દરોડા પાડવામાં આવી રહ્યા છે. ભ્રષ્ટાચાર અને અન્ય મામલે આક્ષેપો થઈ રહ્યા છે. ચૂંટણીને લઈને પહેલાથી જ બિહારના રાજકારણમાં ગરમી છે. નીતિશકુમારની તબિયત હાલ સારી નથી. ચાર દિવસ બાદ ગઈકાલે જ રાજગીરથી નીતિશકુમાર પટણા પહોંચ્યા હતા. જો કે, કોઈ નિવેદન જારી કર્યું ન હતું.

### સાણંદના ગોધાવી ગામનો ચકચારી બનાવ

# બેરહેમ માતાએ પુત્રીની હત્યા કરીને પોતે પણ જીવન ટૂંકાવ્યું

### માતાએ સાડા ત્રણ વર્ષની બાળકીના હત્યા કરી પોતે શા માટે આપઘાત કરી લીધો તે પ્રશ્ને અનેક તર્ક-વિતર્ક જારી

અમદાવાદ, તા.૧૦

અમદાવાદના સાણંદ નજીક ગોધાવી ગામે ગઈકાલે સાંજે એક બેરહેમ માતાએ તેની સાડા ત્રણ વર્ષની ફુલ જેવી બાળકીની હત્યા કરી પોતે પણ ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવતા સમગ્ર વિસ્તારમાં જબરદસ્ત ચકચાર મચી ગઈ હતી. બોપલ પોલીસે આ પ્રકરણમાં જરૂરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જો કે, માતાએ તેની નાની બાળકીના હત્યા કરી પોતે શા માટે આપઘાત કરી લીધો તે પ્રશ્ને અનેક તર્ક-વિતર્ક અને અટકળો સર્જાયા છે. પોલીસે આ મામલામાં આગળની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી મુજબ, અમદાવાદના સાણંદના ગોધાવી ગામે વિજયસિંહ અજીતસિંહ વાઘેલા તેમની પત્ની આશાબા (ઉ.વ.૩૦) અને પુત્રી માહી (ઉ.વ ૩.૫) સાથે રહે છે. વિજયસિંહ ખેતીવાડી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. વિજયસિંહના લગ્ન ૨૦૦૯માં ઘનશ્યામસિંહની પુત્રી આશાબા સાથે થયા હતા. દરમ્યાન ગઈકાલે આશાબા તેમની પુત્રી માહીને લઈ ઘરમાં ઉપરના માળે સૂઈ ગયા હતા અને સાંજ પડી ગઈ છતાંય નીચે નહી આવતાં વિજયસિંહે ઉપરના માળે જઈ દરવાજો ખખડાવી આશાબાને જગાડયા હતા, પરંતુ આશાબા તરફથી કોઈ જવાબ નહી મળતાં કે દરવાજો પણ નહી ખોલતાં આખરે વિજયસિંહે તેમના સાળા પ્રધ્યુમનસિંહને ફોન કરી બોલાવ્યા હતા અને બીજીબાજુ પોલીસને પણ જાણ કરાઈ હતી. ત્યારબાદ બધાની હાજરીમાં દરવાજો તોડાતાં રૂમમાં આશાબાની લાશ પંખે લટકતી હતી અને બાજુમાં ફુલ જેવી સાડા ત્રણ વર્ષની બાળકીની લાશ પણ પડેલી હતી. આ દ્રશ્ય જોઈ સૌકોઈ હેબતાઈ ગયા હતા અને સમગ્ર પરિવાર આઘાતમાં ગરકાવ થઈ ગયો હતો. બોપલ પોલીસે સમગ્ર મામલામાં જરૂરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. બીજીબાજુ, માતાએ પોતાની સગી બાળકીની હત્યા કરી પોતે ગળેફાંસો ખાઈ લીધાના સમાચારને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી. સૌકોઈમાં કયા કારણથી માતાએ આવુ હિચકારું પગલું ભર્યું અને નાની ફુલ જેવી બાળકીને પણ મારી નાંખી તેને લઈ અનેક તર્ક-વિતર્ક અને અનેક અટકળો વહેતા થયા હતા. પોલીસે પણ આ દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. જો કે, પોલીસની પ્રાથમિક તપાસમાં ગૃહકંકાસનું કારણ લાગી રહ્યું છે. પોલીસે મરનારના ભાઈની ફરિયાદના આધારે વધુ તપાસ જારી રાખી છે. પોલીસ સૂત્રોએ ઉમેર્યું હતું, પીએમ રિપોર્ટ બાદ બાળકીની કેવી રીતે હત્યા કરાઈ તે સ્પષ્ટ થશે.

# ચીની રાજદૂતને રાહુલ ગાંધી મળ્યા હતા : કોંગીનો ખુલાસો

નવીદિલ્હી, તા. ૧૦

ભારતમાં ચીનના રાજદૂત સાથે કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીની વાતચીત થઈ હોવાના અહેવાલને રદિયો આપનાર કોંગ્રેસ પાર્ટીએ હવે ફરી ગુલાંટ મારી દીધી છે. કોંગ્રેસે હવે આને શિષ્ટાચાર મુલાકાત તરીકે ગણાવી છે. કોંગ્રેસે આજે યુ ટર્ન લઈને કબૂલાત કરી હતી કે, રાહુલ ગાંધી ચીનના રાજદૂત લુ ઝાઓહુઈને મળ્યા હતા. જો કે મોડેથી ચીની દૂતાવાસે આ મુલાકાતને પોતાની સંબંધિત વેબસાઈટથી દૂર કરી દીધી હતી. ભારતમાં ચીનના દૂતાવાસ તરફથી દાવો કરવામાં આવ્યો હતો કે, રાહુલ ગાંધીએ આઠમી જુલાઈના દિવસે વાતચીત યોજી હતી. મોડેથી હોબાળો થયા બાદ ચીની દૂતાવાસે આ માહિતીને વેબસાઈટથી દૂર કરી દીધી હતી. કોંગ્રેસે પણ આવી કોઈ મુલાકાત કરી હોવાનો શરૂઆતમાં ઈન્કાર કર્યો હતો. મોડેથી કેટલીક બાબતો સ્પષ્ટ થયા પછી પાર્ટીના વરિષ્ઠ નેતા રણદીપ સૂરજેવાલાએ આને એક શિષ્ટાચાર ભેંટ તરીકે ગણાવી હતી. તેમણે કહ્યું હતું કે, કેટલાક રાજદૂત કોંગ્રેસના અધ્યક્ષ અને નાયબ અધ્યક્ષને સમય સમયે મળતા રહે છે. આને લઈને સનસનાટી ફેલાવવાની જરૂર નથી. સુરજેવાલાએ કહ્યું હતું કે, ચીની દૂતાવાસ હોય કે પછી ભૂટાની રાજદૂત હોય રાહુલ ગાંધી સમય સમયે આ લોકોને મળતા રહે છે. રાહુલ ગાંધી અને વિપક્ષના નેતા સિક્કિમમાં ભારત અને ચીન વચ્ચે ચાલી રહેલી તંગદિલી વચ્ચે આ બાબત સપાટી ઉપર આવી છે. અત્રે નોંધનીય છે કે, ચીની દૂતાવાસની વેબસાઈટ પર એવી માહિતી આપવામાં આવી હતી કે, કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધી ચીની રાજદૂતને મળ્યા હતા અને વર્તમાન દ્વિપક્ષીય સંબંધોને લઈને ચર્ચા થઈ હતી.

### એકમાત્ર ટ્વેન્ટીમાં ભારતની કારમી હાર થઈ

# લુઈસના૧૨ છગ્ગા અને છ ચોગ્ગા સાથે ઝંઝાવતી ૧૨૫

### ઓપનિંગ બેટ્સમેન લુઈસ ભારતીય બોલરોને મેદાનની ચારેબાજુ ફટકાર્યા : અનેક રેકોર્ડ પોતાના નામે કરી લીધા

કિંગ્સ્ટન,તા. ૧૦

કિંગ્સ્ટનના ઐતિહાસિક મેદાન ખાતે રમાયેલી એકમાત્ર ટ્વેન્ટી -૨૦ મેચમાં ઈવિન લુઈસની છગ્ગા ચોગ્ગાની રમઝટ સાથે વેસ્ટ ઈન્ડિઝે ભારત પર નવ વિકેટે જીત મેળવી હતી. લુઈસે આ મેચમાં તોફાની બેટિંગ કરીને મેદાન ઉપર ઉપસ્થિત રહેલા તમામ ક્રિકેટ ચાહકો અને ટીવી પર મેચ નિહાળી રહેલા કરોડો ક્રિકેટ ચાહકોને આશ્ચર્યચકિત કરી દીધા હતા. ભારતીય ટીમે પહેલા બેટિંગ કરતા નિર્ધારિત ૨૦ ઓવરમાં ૧૯૦ રન કર્યા હતા. જવાબમાં વેસ્ટ ઈન્ડિઝે સરળ રીતે આ રન બનાવીને મેચ જીતી લીધી હતી. લુઈસે તમામ ભારતીય બોલરોને મેદાનની ચારેબાજુ ફટકાર્યા હતા. મેન ઓફ ધ મેચ બનેલા લુઈસે માત્ર ૬૨ બોલમાં ૧૨૫ રનની ઝંઝાવતી ઈનિંગ્સ રમી હતી. જેમાં ૧૨ છગ્ગા અને છ ચોગ્ગાનો સમાવેશ થાય છે. વિન્ડીઝે જીતવા માટેના જરૂરી રન ૧૮.૩ ઓવરમાં જ બનાવી લીધા હતા. સૌથી મોટી ઈનિંગ્સ રમવાના મામલે લુઈસે ગેઈલને પાછળ છોડી દેવામાં સફળતા મેળવી હતી. લોંડર હિલમાં ગયા વર્ષે ઓગષ્ટમાં ૪૯ બોલમાં ૧૦૦ રન કરનાર લુઈસે ટ્વેન્ટી-૨૦માં બીજી સદી ફટકારી હતી. આ ફોર્મેટમાં સૌથી મોટી વ્યક્તિગત ઈનિંગ્સ રમનાર ગેઈલનો રેકોર્ડ લુઈસે તોડી દીધો હતો. તે ક ઈનિગ્સમાં સૌથી વધારે છગ્ગા ફટકારનાર ખેલાડી પણ બન્યો હતો. લુઈસ ૧૨ ટાવરિંગ છગ્ગા અને છ ચોગ્ગા ફટકાર્યા હતા. લાંબા ગાળા બાદ ક્રિસ ગેઈલનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જો કે તે બેટિંગમાં વધારે કમાલ કરી શક્યો ન હતો. અગાઉ ગેઈલે પોતાની છેલ્લી મેચ એપ્રિલ ૨૦૧૬માં વિન્ડીઝ તરફથી રમી હતી. ક્રિસ ગેઈલ ટ્વેન્ટી ક્રિકેટમાં અનેક રેકોર્ડ પોતાના નામ પર ધરાવે છે. આ વર્ષે એપ્રિલમા તે ટી-૨૦ ક્રિકેટમાં ૧૦૦૦૦ રન પૂર્ણ કરનાર પ્રથમ બેટ્સમેન બની ગયો હતો.

લેન્ડલ સિમોન્સની જગ્યાએ ક્રિસ ગેઈલનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સિમોન્સે અફઘાનિસ્તાનમાં શ્રેણીમાં, ૬, ૧૭ અને ૧૫ રન બનાવ્યા હતા. પાકિસ્તાન સામે ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલ મેચમાં ભારતીય ટીમનો દેખાવ ખુબ કંગાળ રહ્યો હતો. લાંબા ગાળા બાદ પાકિસ્તાન સામે ભારતની હાર થઈ હતી. વેસ્ટ ઈન્ડિઝની ટીમ પણ ટ્વેન્ટી ક્રિકેટમાં ખુબ સંતુલિત ટીમ રહી છે. વિશ્વની શક્તિશાળી ટીમોને હાર આપવામાં આ ટીમ સક્ષમ રહી છે. અગાઉ પાંચ વનડે મેચોની શ્રેણીની છેલ્લી અને પાંચમી મેચમાં ભારતે વિન્ડીઝ પર આઠ વિકેટે જીત મેળવી હતી. આની સાથે જ ભારતે આ શ્રેણી ૩-૧થી જીત લીધી હતી. છેલ્લી મેચમાં ભારત તરફથી કેપ્ટન વિરાટ કોહલીએ શાનદાર સદી ફટકારી હતી. પ્રથમ વનડે મેચ વરસાદના કારણે ત્રિનિદાદ ખાતે ધોવાઈ ગયા બાદ બીજી વનડે મેચ ભારતીય ટીમે જીતી લીધી હતી. પોર્ટ ઓફ સ્પેન ખાતે રમાયેલી વરસાદગ્રસ્ત બીજી વનડે મેચમાં ભારતે વેસ્ટ ઈન્ડિઝ પર ૧૦૫ રને જીત મેળવી હતી. ત્રીજી વનડે મેચમાં ભારતે વિન્ડીઝ પર ૯૩ રને જીત મેળવી હતી. આ જીત મેચમાં ભારતના ૨૫૧ રનની સામે વિન્ડીઝની ટીમ માત્ર ૧૫૮ રન જ કરી શકી હતી. ચોથી મેચ વેસ્ટ ઈન્ડિઝે જીતી હતી. જ્યારે પાંચમી અને અંતિમ વનડે મેચ ભારતે આઠ વિકેટે જીતી લીધી હતી.

### મચ્છરજન્ય મેલેરીયાના ૧૬૩ કેસ નોંધાયા

# અમદાવાદ : અઠવાડિયામાં પાણીજન્ય રોગના ૫૩૦ કેસ

### વિવિધ પગલાઓ છતાં વરસાદી માહોલમાં રોગચાળાએ માથું ઉચક્યું : જુન મહિનામાં ૧૫ ફૂડસેમ્પલ અપ્રમાણિત

અમદાવાદ, તા.૧૦

અમદાવાદ શહેરમાં હાલ વરસાદે વિરામ લીધો છે તેવા સમયે શહેરમાં પ્રદૂષિત પાણી પીવાના કારણે પાણીજન્ય રોગના માત્ર એક સપ્તાહમાં કુલ મળીને ૫૩૦ જેટલા કેસ નોંધાવા પામ્યા છે.જેમાં સૌથી વધુ ઝાડા-ઉલ્ટીના ૩૪૨ જેટલા કેસનો સમાવેશ થાય છે.આ અંગે મળતી માહીતી અનુસાર,શહેરમાં ગત ૨૫ જુનથી ચોમાસાની મોસમનો આરંભ થવા પામ્યો છે આ દરમિયાન ૩ જૂલાઈના માત્ર બે કલાકના સમયમાં શહેરના વિવિધ વિસ્તારોમાં ૩.૫ ઈંચ વરસાદ વરસ્યો હતો.શહેરમાં આ સમયમાં સામાન્ય રીતે મચ્છરજન્ય રોગના કેસ વધવાની તંત્રને અપેક્ષા રહેતી જોવા મળતી હોય છે.પરંતુ આ માસના આરંભના વીતેલા આઠ દિવસની અંદર શહેરમાં પ્રદૂષિત પાણીના કારણે ઝાડા-ઉલ્ટીના કેસ તમામ રોગના કેસની તુલનામાં નોંધાયેલા જોવા મળ્યા છે.શહેરના વિવિધ છ ઝોનમાં ઝાડા-ઉલ્ટીના કુલ મળીને ૩૪૨ કેસ નોંધાવા પામ્યા છે અત્રે નોંધનીય છે કે અમદાવાદ શહેરના મધ્યઝોનમાં આવેલા કોટ વિસ્તાર અને તેમાં પણ ખાડિયા, કાલુપુર, શાહપુર, જમાલપુર, દક્ષિણઝોનમાં બહેરામપુરા, પૂર્વઝોનમાં ગોમતીપુર, રખીયાલ સહીત વટવા, રામોલ હાથીજણ સહીતના અનેક વિસ્તારોમાં પ્રદૂષિત પાણી આવતુ હોવાની તંત્ર સમક્ષ સ્થાનિક રહીશો દ્વારા રજુઆત કરવામાં આવી હોવા છતાં તંત્ર તેનો કાયમી ઉકેલ હજુ સુધી શોધી શકયુ ન હોવાના કારણે શહેરમાં છેલ્લા છ માસથી ઝાડા-ઉલ્ટીના કેસનું પ્રમાણ સતત વધતુ જોવા મળી રહ્યું છે.આ સાથે જ શહેરના વિવિધ વિસ્તારોમાં કમળાના પણ ૮ જૂલાઈ સુધીમાં કુલ મળીને ૮૫ જેટલા કેસ નોંધાવા પામ્યા છે આ સાથે જ ટાઈફોઈડના પણ ૧૦૩ જેટલા કેસ નોંધાવા પામ્યા છે.આમ માત્ર એક સપ્તાહમાં પાણીજન્ય રોગના કુલ મળીને ૫૩૦ જેટલા કેસ નોંધાવા પામ્યા છે.આ આંકમાં જો ખાનગી પ્રેકટિસનરો અને દવાખાનાઓ કે હોસ્પિટલોમાં સારવાર લઈ રહેલા દર્દીઓના આંકડા ઉમેરવામાં આવે તો આ સંખ્યા હજુ વધી શકે એમ છે.બીજી તરફ ચોમાસાના શહેરમાં આરંભની સાથે જ મચ્છરજન્ય એવા મેલેરીયાના ૮ દિવસમાં કુલ મળીને ૧૬૩ કેસ નોંધાયા હોવાનો મ્યુનિસિપલ હેલ્થ વિભાગનો દાવો છે.ઉપરાંત શહેરમાં આ સમયગાળામાં ઝેરી મેલેરીયાનો એક અને ડેન્ગ્યુના બે કેસ નોંધાવા પામ્યા છે.જુન માસમાં કોલેરાના શહેરમાં કુલ ૧૦ જેટલા કેસ નોંધાયા બાદ આ માસના પ્રથમ સપ્તાહમાં કોલેરાનો એક પણ કેસ નોંધાવા પામ્યો નથી.આ વર્ષના જાન્યુઆરીથી અત્યારસુધીમાં કોલેરાના કુલ મળીને ૪૫ જેટલા કેસ નોંધાવા પામ્યા છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ વિભાગ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાંથી ફૂડ સેમ્પલ લઈ તપાસ માટે મોકલી આપવામાં આવે છે.જે પૈકી જુન માસમાં ૧૮૫ ચીજોના નમુના તપાસમાં મોકલવામાં આવ્યા હતા.આ નમુનામાંથી ૧૫ જેટલા નમુના અપ્રમાણિત જાહેર કરવામાં આવ્યા હતા આ અગાઉ મે માસમાં ૧૪૮ નમુના પૈકી ૧૨ નમુના અપ્રમાણિત જાહેર થવા પામ્યા હતા.

ગોતા તરફ જતા સર્વિસ રોડનો ચકચારી બનાવ

# ટ્રકની અડફેટે આવી જતા મહિલાનું કરૂણ મૃત્યુ થયું

## સળિયાની ટક્કરથી મહિલા નીચે પટકાઈ અને ટાયર ફરી વળ્યુ : ટ્રકચાલકના ગફલતભર્યા ડ્રાઈવીંગના કારણે મોત

અમદાવાદ, તા.૧૦

એસ.જી હાઈવે પર ગોદરેજ ગાર્ડન સીટી સાઈડના ગોતા તરફ જવાના સર્વિસ રોડ પર મોડી રાત્રે પૂરપાટ ઝડપે સળિયા ભરેલી ટ્રકના ચાલકે એક ગરીબ પરિવારને ટક્કર મારતાં મહિલા નીચે પટકાઈ ટ્રકના પાછલા વ્હીલમાં આવી ગઈ હતી અને તેણીનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજયું હતું. ટ્રકમાં ભરેલા સળિયાની ટક્કર વાગાવાના કારણે આ જીવલેણ અકસ્માત સર્જાયો હતો. ઘટનામાં મહિલાના હાથમાં નવ માસની નાની બાળકી સાઈડમાં પડી જતાં તેનો આબાદ બચાવ થયો હતો. બનાવને પગલે લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે એકત્ર થઇ ગયા હતા અને સૌકોઈમાં ભારે અરેરાટીની લાગણી ફેલાઈ ગઈ હતી. ચાંદખેડા પોલીસે અકસ્માતના આ બનાવ અંગે જરૂરી ગુનો દાખલ કરી કસૂરવાર ડ્રાઈવરની ધરપકડ કરી હતી અને બનાવ સંદર્ભે આગળની તપાસ હાથ ધરી છે. આ બનાવની વિગત એવી છે કે, અડાલજ નજીક ખોરજ-ખોડિયાર રેલ્વે સ્ટેશનના કન્ટેનર ડેપો પાસે આવેલા ફાર્મ હાઉસમાં માળી તરીકે કામ કરતાં રામકેશ સરોજ(ઉ.વ.૪૦) અને તેમની પત્ની બબલીબહેન(ઉ.વ.૩૫) તેમની નવ માસની બાળકી સાથે શુક્રવારે મોડી રાત્રે ન્યુ રાણીપ ખાતે એક પ્રસંગ પતાવી પરત ફરી રહ્યા હતા ત્યારે તેઓ એસજી હાઈવે પર ગોતા તરફ જવાના રસ્તાના સર્વિસ રોડ પર ઉભા હતા એ દરમ્યાન સળિયા ભરેલી એક ટ્રક માંતેલા સાંઢની જેમ પૂરપાટ ઝડપે આવી હતી અને ટ્રકના ચાલકની ગંભીર બેદરકારી અને ગફલતભર્યા ડ્રાઈવીંગના કારણે સળિયાની ટક્કર બબલીબહેનને વાગી હતી. જોરદાર ટક્કરના કારણે બબલીબહેન નીચે પટકાયા હતા અને તેમના હાથમાંથી તેમની નવ માસની બાળકી સાઈડમાં ફંગોળાઈ ગઈ હતી. બબલીબહેન નીચે પટકાતાની સાથે જ ટ્રકના પાછલા વ્હીલમાં આવી જતાં તેમનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજયું હતું. આ અકસ્માતમાં નવ માસની નાની બાળકીનો આબાદ બચાવ થયો હતો. અકસ્માતને પગલે સ્થાનિક લોકો અને રાહદારીઓના ટોળા ત્યાં એકત્ર થઇ ગયા હતા. સૌકોઈમાં ભારે અરેરાટીની લાગણી ફેલાઈ ગઈ હતી. ઘટનાની જાણ થતાં ચાંદખેડા પોલીસ પણ ત્યાં દોડી આવી હતી અને આરોપી ટ્રકચાલક વિરૂધ્ધ જરૂરી ગુનો નોંધી તેની ધરપકડ કરી આગળની તપાસ કાર્યવાહી હાથ ધરી હતી.

# માયાબેન એ દિવસે સોલા સિવિલ હોસ્પિટલમાં હતા

અમદાવાદ, તા. ૧૦

સૈજપુર બોઘા વોર્ડના ભાજપના કોર્પોરેટર દિનેશ મકવાણાએ પોતાની જુબાનીમાં જણાવ્યું કે, તેઓ ૨૦૦૪ પહેલાં સૈજપુર ટાવર પાસે બંસીની ચાલી ખાતે રહેતા હતા અને ત્યારબાદ બીજે શીફ્ટ થયા હતા. ૨૦૦૨માં પણ એ ભાજપના કોર્પોરેટર હતા અને એ વખતે માયાબહેન ભાજપના ધારાસભ્ય હતા. મેં માયાબહેનને એ દિવસે સવારે ૧૦-૩૦ વાગ્યાની આસપાસ ફોન કરીને જાણ કરી હતી કે, તેમનો પિતરાઈ ભાઈ ઉમકાંત ગોવિંદભાઈ પણ ગોધરાકાંડમાં માર્યો ગયો છે અને તેથી તેના મૃતદેહ સંદર્ભે મદદ કરવા વિનંતી કરી હતી. માયાબહેને મને જણાવ્યું હતું કે, તેઓ સોલા સિવિલ હોસ્પિટલ ખાતે જ છે અને હાલ ગોધરાકાંડના મૃતદેહો બાબતે પીડિત પરિવારોની મદદે આવ્યા છે. દરમ્યાન પ્રોસીકયુશનપક્ષ તરફથી કરાયેલી ઉલટતપાસમાં કોર્પોરેટર મકવાણાએ જણાવ્યું કે, તેઓ ભાજપના કોર્પોરેટર તરીકે ચૂંટાયા છે અને માયાબહેન પણ ભાજપના છે. કોર્ટના સમન્સના કારણે પહેલીવાર જુબાની આપવા આવ્યો છું. ગોધરાકાંડની, વિશ્વ હિન્દુ પરિષદના બંધના એલાનની અને નરોડા ગામના તોફાનો એ ત્રણેય બાબતની જાણ તેમને બીજા દિવસે સમાચાર માધ્યમો મારફતે થઈ હતી. સીટની રચનાની કે સીટે અસરગ્રસ્ત કે પીડિત પરિવારોએ જે કોઈ માહિતી કે નિવેદન આપવા હોય તે બાબતે આપેલી જાહેરાત બાબતની પણ તેમને કોઈ ખબર ન હતી.

પ્રુફ રિડિંગ દરમિયાન ભુલ થઈ

# હૈજાનું રોજા થતા લોચો

અમદાવાદ, તા.૧૦

પાઠય પુસ્તક મંડળના સૂત્રોએ જણાવ્યું હતું કે, ધોરણ-૪ હિન્દી માધ્યમનું પ્રથમ ભાષાનું પુસ્તક ૨૦૧૫માં નવું તૈયાર કરાયું હતું. જેમાં આ પ્રકરણના અંતે શબ્દાર્થમાં હૈજા શબ્દના અર્થ તરીકે ઝાડા ઉલ્ટીનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ૨૦૧૬માં પણ તે શબ્દ જ ત્યાં હતો. પરંતુ ૨૦૧૭માં વિદ્યાર્થીઓને આ પ્રકરણ વિશે વધુ જાણકારી મળી રહે તે માટે રોજા શબ્દનો અર્થ મૂકવામાં આવ્યો હતો. પરંતુ પ્રુફ રીડીગ દરમ્યાન હૈજા શબ્દના બદલે રોજા ઉમેરાઈ જતાં પુસ્તકો પ્રિન્ટ માટે જતાં રહેતા રોજા શબ્દનો અર્થ ઝાડા ઉલટી જેવો રોગ છપાઈ ગયો છે. આ પ્રિન્ટીંગ મીસ્ટેક હોઈ પાઠય પુસ્તક મંડળ દ્વારા સ્કૂલોને જરૂરી સૂચના આપી ભૂલ સુધારી લેવા માટે જણાવશે એમ સૂત્રોએ ઉમેર્યું હતું. તાજેતરના સમયમાં આ પ્રકારની ભુલોના અનેક મામલા સપાટી ઉપર આવી ચુક્યા છે અને વિવાદો પણ થયા છે.

મોસમનો કુલ ૭.૨૭ ઈંચ વરસાદ નોંધાયો

# અમદાવાદ શહેરમાં અનેક વિસ્તારોમાં હળવો વરસાદ

## ત્રણ સ્થળોએ વૃક્ષો ધરાશયી તેમજ ત્રણ સ્થળો ઉપર ભૂવા પડવાની ફરિયાદ : સૌથી વધુ વરસાદ ઉત્તર ઝોનમાં થયો



અમદાવાદ, તા.૧૦

અમદાવાદ શહેરમાં ગત ૨૫ જુનથી શરૂ થયેલા વરસાદે બે દિવસના વિરામ બાદ આજે ફરી એન્ટ્રી કરી હતી રાજસ્થાન ઉપર સર્જાયેલી અપરએર સર્કયુલેશન સિસ્ટમની અસર હેઠળ આજે બપોરના સુમારે શહેરના અનેક વિસ્તારોમાં હળવો વરસાદ થવા પામ્યો હતો.આજે પડેલા હળવા વરસાદની સાથે શહેરમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૧૮૪.૬૮ મીલીમીટર(૭.૨૭ ઈંચ) થવા પામ્યો છે.આ અંગે મળતી વિગતો અનુસાર,રાજસ્થાન ઉપર સર્જાયેલા અપરએર સર્કયુલેશન સિસ્ટમને પગલે શહેરના મધ્યઝોન સહીત પશ્ચિમના અખબારનગર,વાડજ અને નવા પશ્ચિમઝોનમાં સેટેલાઈટ,જોધપુર સહીતના વિસ્તારોમાં હળવો વરસાદ બપોરના સુમારે થવા પામ્યો હતો.મ્યુનિસિપલ કંટ્રોલરૂમ સૂત્રોમાંથી મળતી માહીતી અનુસાર, આજે દિવસ દરમિયાન શહેરના મધ્યઝોન, ઉત્તરઝોન અને દક્ષિણ ઝોનમાં એક-એક એમ કુલ મળીને ત્રણ વૃક્ષો ધરાશયી બનવા પામ્યા હતા.જયારે નવા પશ્ચિમઝોનમાં આવેલી સત્યમ સોસાયટી પાસે સોલા સાયન્સસીટી રોડ પર તેમજ કાલુપુર બેંક પાસે ભૂવા પડવા પામ્યા હતા.જયારે દક્ષિણ ઝોનમાં ખોડીયારનગર બીઆરટીએસ બસસ્ટોપ પાસે ભૂવો પડવાની ફરીયાદ મળતા આડાશો મુકી કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.શહેરમાં આજે બપોરે પડેલા હળવા વરસાદની સાથે શહેરમાં મોસમનો સરેરાશ કુલ વરસાદ ૧૮૪.૬૮ મીલીમીટર એટલે કે ૭.૨૭ ઈંચ થવા પામ્યો છે.વાસણા બેરેજ ખાતે પાણીની સપાટી ૧૩૨.૦૦ ફુટ નોંધાઈ છે.નદીમાં પાણીની આવક ૧૦૦૧ કયુસેક અને કેનાલમાં જાવક ૭૮૦ કયુસેક નોંધાઈ છે.બેરેજના તમામ દરવાજા બંધ રાખવામાં આવ્યા છે. અમદાવાદ શહેરમાં ગાજવીજ સાથે વરસાદી ઝાપટાનો દોર હાલ અકબંધ રહે તેવી શકયતા છે. બીજી બાજુ વરસાદી ઝાપટાનો દોર જારી રહેતા રોગચાળાએ માથુ ઉંચકયું છે. પાણીજન્ય અને મચ્છરજન્ય રોગના કેસમાં ચિંતાજનકરીતે ઝડપી વધારો થયો છે. મોસમનો કુલ વરસાદ સાત ઈંચથી વધુ નોંધાઈ ચુકયો છે. અમદાવાદમાં આ સિઝનમાં સૌથી વધુ વરસાદ ઉત્તર ઝોનમાં નોંધાયો છે.

પાઠયપુસ્તક મંડળ વધુ એક વિવાદમાં સપડાયું

# ધો-૪ના પુસ્તકમાં રોજાનો અર્થ ઝાડા-ઉલ્ટી રોગ છપાઈ ગયો

## ધોરણ-૯ના પુસ્તકમાં હેવાન ઈશુ શબ્દના છબરડા માટેનો વિવાદ હજુ શમ્યો નથી ત્યાં રોજા શબ્દના અર્થથી વિવાદ

અમદાવાદ, તા.૧૦

ગુજરાત રાજય પાઠય પુસ્તક મંડળ દ્વારા ધોરણ-૯ના હિન્દીના પુસ્તકમાં હેવાન ઈશુ શબ્દના છબરડાનો વિવાદ હજુ શાંત પડયો નથી ત્યાં ધોરણ-૪ના હિન્દી માધ્યમના પુસ્તકમાં રોજા એટલે ઝાડા-ઉલટીની બિમારી એવો ઉલ્લેખ કરાતા બહુ મોટો વિવાદ સર્જાયો છે. ખાસ કરીને મુસ્લિમ સમાજની લાગણી દુભાતા ચોતરફ ઉગ્ર વિરોધ થઈ રહ્યો છે અને તાત્કાલિક ધોરણે ગંભીર ક્ષતિયુકત આ પુસ્તક પાછું ખેંચવા માંગ ઉઠી છે. ધોરણ-૪ના હિન્દી માધ્યમના પુસ્તકમાં પ્રથમ ભાષાના વિષયમાં પ્રકરણ-૩માં રોજા શબ્દના આપેલા આ અર્થને લઈ પાઠય પુસ્તક મંડળ ફરી એકવાર વિવાદમાં સપડાયું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત રાજય પાઠય પુસ્તક મંડળ દ્વારા તાજેતરમાં શરૂ થયેલા નવા શૈક્ષણિક સત્રમાં વિદ્યાર્થીઓને પુસ્તક વિતરણ કરવામાં આવ્યા હતા. ઘણા વિદ્યાર્થીઓ બજારમાંથી પણ પુસ્તકો ખરીદીને લાવ્યા હતા. ધોરણ-૪ હિન્દી માધ્યમમાં પણ પાઠય પુસ્કત મંડળ દ્વારા પુસ્તકો તૈયાર કરી સ્કૂલોમાં મોકલાયા હતા. જેમાં હિન્દી પ્રથમ ભાષાના પુસ્તકમાં ગંભીર ભૂલ થઈ હોવાની બાબત પ્રકાશમાં આવી છે. હિન્દીના પુસ્તકમાં પ્રકરણ-૩ ઈદગાહનું છે, જે પ્રકરણ પૂર્ણ થયા બાદ પાઠમાં આવતા અઘરા શબ્દનો અર્થ સમજાય તે માટે શબ્દાર્થ આપેલા છે.

જેમાં રોજા શબ્દનો અર્થ ઝાડા ઉલ્ટી જેવો રોગ લખવામાં આવ્યો છે. આવી ગંભીર ક્ષતિ બદલ મુસ્લિમ સમુદાયમાં ભારે નારાજગીની સાથે ઉગ્ર રોષની લાગણી ફેલાઈ છે. તો, આ ભૂલને લઈ પાઠય પુસ્તક મંડળની ગંભીર બેદરકારી ફરી સામે આવી છે. પુસ્તકમાં જે શબ્દો હિન્દીમાં લખાયા છે તે મુજબ, રોજા શબ્દનો અર્થ એક ચાતક તથા સંક્રામક રોગ જિસમેં દસ્ત ઔર કૈ આતી હૈ લખવામાં આવ્યો છે. રોજા મુસ્લિમ સમાજમાં પવિત્ર શબ્દ મનાય છે અને તેમાં આવી ભૂલના કારણે મુસ્લિમ બિરાદરોમાં નારાજગી ફેલાઈ છે. તાજેતરમાં જ, ધોરણ-૯ના હિન્દીના પુસ્તકમાં હેવાન ઈશુ શબ્દના છબરડાનો વિવાદ સામે આવતાં ખ્રિસ્તી સમુદાયે ઉગ્ર વિરોધ વ્યકત કર્યો હતો અને દેખાવો કરી પુસ્ત પાછુ ખેંચવા માંગણી કરી હતી, જે વિવાદ હજુ શાંત પડયો નથી ત્યાં ધોરણ-૪ના હિન્દી માધ્યમના પુસ્તકમાં રોજા એટલે ઝાડા-ઉલટીની બિમારી એવો ઉલ્લેખ કરાતા ફરી એક મોટો વિવાદ સર્જાયો છે.

# હેરિટેજના વિકાસને સ્પેશિયલ પરપઝ વ્હીલ ઉપર લઈ જવાશે

અમદાવાદ, તા.૧૦

૬૦૬ વર્ષના થયેલા અમદાવાદ શહેરને શનિવારના રોજ યુનેસ્કોની હેરિટેજ કમિટી દ્વારા વર્લ્ડ હેરિટેજ સીટીનો દરજ્જો આપવામાં આવ્યા બાદ શહેરના હેરિટેજની જાળવણી અને તેની સુરક્ષા તથા સલામતીને સ્પેશિયલ પરપઝ વ્હીલ ઉપર લઈ જવાશે એવી પ્રતિક્રિયા મ્યુનિસિપલ કમિશનરે આપી છે.અમદાવાદ શહેરને ગત શનિવારના રોજ હેરિટેજસીટી જાહેર કરવામાં આવ્યા બાદ ૬૫ લાખ શહેરીજનોમાં ભારે ઉત્સાહ અને ઉમંગનો માહોલ છવાયેલો જોવા મળી રહ્યો છે એવા સમયે મ્યુનિસિપલ કમિશનરે બહુ સમયસરની પ્રતિક્રિયા આપી છે.તેમણે કહ્યુ કે,યુનેસ્કો તરફથી આપવામાં આવેલું આ ટેગ કાયમી નથી એથી હવે ટેગ મળ્યા બાદ સૌની જવાબદારી તેને સાચવી રાખવાની વધી છે ખાસ કરીને મ્યુનિસિપલ તંત્રની.અમદાવાદ શહેરના આ હેરિટેજ ટેગને જાળવી રાખવા માટે તંત્રના હેરિટેજ સેલમાં આ અંગેના નિષ્ણાતોની મદદ લેવામાં આવશે ઉપરાંત તમામ મોન્યુમેન્ટને સુરક્ષિત જાળવી રાખી શકાય,તેની સલામતી જાળવી શકાય,વિકાસ કરી શકાય આ માટે આખાય હેરિટેજ પ્રોજેકટને સ્પેશિયલ પરપઝ વ્હીલ હેઠળ લઈ જવામાં આવશે.શહેરના વિવિધ વિસ્તારોમાં જે મોન્યુમેન્ટસ આવેલા છે તેની જાળવણી કે રખરખાવ માટે પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ તેમજ સી. એસ. આર. એટલે કે કોર્પોરેટ સોશીયલ રીસ્પોન્સીબીલીટીનો જે કાયદો અમલમાં છે તેની પણ મદદ લેવામાં આવશે.અમદાવાદ શહેરને મળેલા આ ગૌરવ બદલ તેમણે આનંદની લાગણી વ્યકત કરતા કહ્યુ કે,હવે આ ટેગને કાયમી રીતે જાળવવા માટે ઘણુ બધુ કરવુ પડશે અને સૌનો સાથ જોઈશે કેમકે જવાબદારી વધી છે.

નરોડા ગામના ટ્રાયલમાં સુરેન્દ્ર કોડનાનીનો ઘટસ્ફોટ

# સમન્સ નહીં હોવાથી પાટિયા કેસમાં જુબાની આપી ન હતી

## ગોધરાકાંડની, વિહિપના બંધની, નરોડા ગામના તોફાનની જાણ બનાવ બાદ જ થઈ હતી : કોર્પોરેટરે ભાંગરો વાટ્યો

અમદાવાદ, તા.૧૦

નરોડા ગામના ટ્રાયલમાં આજે ડો.માયાબહેન કોડનાનીના પતિ ડો.સુરેન્દ્રભાઈ કોડનાનીની પ્રોસીકયુશન પક્ષ તરફથી ચાલુ રહેલી ઉલટતપાસ આજે પૂર્ણ થઈ હતી. ડો.સુરેન્દ્રભાઈએ આજે પોતાની ઉલટતપાસમાં એવી મહત્વની વાત કોર્ટના ધ્યાન પર મૂકી હતી કે, નરોડા પાટિયા કેસમાં મને કોઈ સમન્સ આવ્યુ ન હતુ અને તેથી મેં નરોડા પાટિયા કેસમાં મેં જુબાની આપી ન હતી. દરમ્યાન આજે નરોડા ગામ કેસમાં સૈજપુર બોઘાના ભાજપના કોર્પોરેટર દિનેશ મકવાણાએ પોતાની જુબાની દરમ્યાન એવો ભાંગરો વાટયો હતો કે, તેમને ગોધરાકાંડની, વિશ્વ હિન્દુ પરિષદના બંધના એલાનની અને નરોડા ગામના તોફાનોની જાણ બનાવોના બીજા દિવસે સમાચાર માધ્યમો મારફતે થઈ હતી. સ્પેશ્યલ કોર્ટે કેસની વધુ સુનાવણી તા.૧૪મી જૂલાઈએ રાખી છે. નરોડા ગામના કેસમાં ડો.માયાબહેન કોડનાનીના પતિ ડો.સુરેન્દ્રભાઈ કોડનાનીની અધૂરી રહેલી ઉલટતપાસ આજે પ્રોસીકયુશન પક્ષ તરફથી આગળ વધારાઈ હતી. જેમાં ડો.સુરેન્દ્રભાઈએ જણાવ્યું હતું કે, તા.૨૮-૨-૨૦૦૨ના રોજ ડો. માયાબહેન સવારે ૭-૩૦એ ઘરેથી નીકળ્યા ત્યારબાદ સોલા સિવિલ, ત્યાંથી દવાખાને થઈ સાંજે ૫-૦૦વાગ્યે ઘેર આવ્યા ત્યારે જ સીધા અમે મળ્યા હતા. માયાબહેનનું દવાખાનુ ઈમરજન્સી હોવાના કારણે ૨૪ કલાક કાર્યરત હોય છે. ડો.ધવલ શાહ અને માયાબહેનની ગેરહાજરીમાં નર્સ હોસ્પિટલ સંભાળે છે. તા.૨૮-૨-૦૨ના રોજ નર્સ તરીકે લતાબહેન ગુર્જર હોવાની મને જાણ નથી. મને એ દિવસે હસુબહેનનો ફોન આવ્યો હતો. એ વાત ખરી નથી કે, નર્સ લતા ડિલીવરી કરાવી શકે. હસુબહેન આયાની સાથોસાથ નર્સનું કામ પણ સંભાળે છે. મેં નરોડા ગામ, નરોડા પાટિયા બધા વિસ્તારો જાયેલા છે અને નરોડાગામથી ગાંધીનગર ૩૦થી ૩૫ કિ.મી થાય છે. તેમણે મહત્વનો મુદ્દો ઉલતપાસમાં જણાવ્યો કે, નરોડા પાટિયા કેસમાં તેમને કોઈ સમન્સ કે બુલાવો આવ્યો ન હતો અને તેથી તેમણે નરોડા પાટિયા કેસમાં જુબાની આપી ન હતી. સીટના અધિકારીઓ પી.એલ.માલ અને વી.વી.ચૌધરીએ ૨૦૦૯માં નરોડા ગામ કેસમાં તેમનો જવાબ-નિવેદન લીધા હતા. ચૌધરીએ નરોડા પાટિયા કેસમાં મારુ નિવેદન લીધુ હતું એ મને ખબર નથી. આ સાથે ડો.સુરેન્દ્ર કોડનાનીની ઉલતપાસ પૂર્ણ થઈ હતી. નરોડા ગામ કેસમાં હાલ ઉલટતપાસનો દોર ચાલી રહ્યો છે. જેમાં નવી નવી વિગતો સપાટી ઉપર આવી રહી છે. હજુ કેટલીક નવી વિગતો ખુલી શકે છે.

ત્રણ વર્ષથી લઈને છ માસ સુધીની કેદની સજા

# સજા અને દંડ પામનાર વેપારી.....

અમદાવાદ, તા.૧૦

સમાજમાં વેપારીઓ અને ભેળસેળીયા તત્વો દ્વારા પ્રજાના આરોગ્ય સાથે ગંભીર ચેડા કરતી અને આરોગ્ય માટે હાનિકારક ચીજવસ્તુઓની ખાદ્યપદાર્થોમાં ભેળસેળ વધતી જાય છે ત્યારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની કોર્ટ નંબર-૮ દ્વારા મહત્વપૂર્ણ ચુકાદા જારી કરવામાં આવ્યા છે.

ત્રણ વર્ષની સજા પામનાર વેપારીઓ

| નામ | કંપની અથવા સ્ટોરનું નામ | શેમાં ભેળસેળ | કેટલી સજા અને દંડ |
|---|---|---|---|
| મીઠાઈલાલ બેઘરાજ ચૌહાણ | રામેશ્વર મહાદેવ સામે, મેઘાણીનગર | કેરીના રસમાં ભેળસેળ | ત્રણ વર્ષની કેદ, ૨૦ હજાર દંડ |
| મીઠાઈલાલ બેઘરાજ ચૌહાણ | રામેશ્વર મહાદેવ સામે, મેઘાણીનગર | મેંગો મીલ્કશેકમાં ભેળસેળ | ત્રણ વર્ષની કેદ, ૨૦ હજાર દંડ |
| રાજેશ પરસોત્તમ પટેલ | મારૂતિ એન્ટરપ્રાઈઝ, રામોલ | હળદરમાં પ્રતિબંધિત કલર | ત્રણ વર્ષની કેદ, રૂ.૩૦ હજાર દંડ |

ચાર વેપારીઓને છ માસની કેદ અને એક લાખનો દંડ

| નામ | કંપની અથવા સ્ટોરનું નામ | શેમાં ભેળસેળ | કેટલી સજા અને દંડ |
|---|---|---|---|
| મનીષ મોતીરામ ટેકવાણી | મારૂતિ ફુડ્ઝ, નોબલનગર | ભૂંગળામાં પ્રતિબંધિત કલર | છ મહિનાની સજા, એક લાખનો દંડ |
| કેશવલાલ દલાજી માલવીયા | મોહન મિસરી ભંડાર,પ્રેમદરવાજા | હાયડાના સેમ્પલમાં ખરાબી | છ મહિનાની સજા, એક લાખનો દંડ |
| મંછારામ જેટુમલ માખીજા | સિંધી કોલોની, સરદારનગર | કાજુ અંજીર રોલમાં ખરાબી | છ મહિનાની સજા, એક લાખનો દંડ |
| ગજાનંદ લસાજી પ્રજાપતિ | નકલંગદેવ કિરાણા સ્ટોર,ઈન્દિરાનગર | ભૂંગળામાં પ્રતિબંધિત કલર | છ મહિનાની સજા, એક લાખનો દંડ |

આ ૧૨ વેપારીઓને છ મહિનાની કેદ અને રૂ.૧૦ હજાર દંડ

| નામ | કંપની અથવા સ્ટોરનું નામ | શેમાં ભેળસેળ |
|---|---|---|
| સુનીલ રામલખન રાઠોડ | તિરૂપતિ કિરાણા સ્ટોર,ઘોડાસર | મુકિતમાં કલરની ભેળસેળ |
| મહેન્દ્ર ભેરૂસિંહ | આનંદ જયુશ સેન્ટર, કાલુપુર | મેંગો મીલ્ક શેકમાં |
| દશરથ ચતુરસિંહ ઠાકોર | ખોડિયાર રસ સેન્ટર, ઈસનપુર | મેંગો મીલ્ક શેકમાં |
| નીલેશ ઈશ્વરભાઈ પટેલ | ઉમિયા ડેરીપાર્લર,વસ્ત્રાલ | મેંગો મીલ્ક શેકમાં |
| મેહુલ વિઠ્ઠલભાઈ પટેલ | શ્રી ખોડિયાર રસ ભંડાર,નિકોલ | દળેલા મરચામાં |
| અલ્પેશ પારસમલ જૈન | હસમુખ સ્ટોર, ગોમતીપુર | કપાસીયા તેલમાં પામોલીન |
| તેજસિંહ ચંદનસિંહ રાઠોડ | જનતા ડેરી પાર્લર,ઓઢવ | ઘીમાં તલનું તેલ |
| કેસારામ લખમાજી ચૌધરી | કૈલાસ સુપરમાર્કેટ, ઈસનપુર | દળેલા મરચામાં |
| છોગાજી ધરમાજી મારવાડી | ખેતપાલ ઓઈલડેપો, ભાઈપુરા | કપાસીયા તેલમાં પામોલીન |
| સોનુ રામઅવતાર અગ્રવાલ | શ્રીરામ ટ્રેડીંગ કંપની,અમરાઈવાડી | કપાસીયા તેલમાં ખરાબી |
| દિનેશ શંકરજી ચૌધરી | હિન્દુસ્તાન બેકરી, અમરાઈવાડી | વનસ્પતિ ઘીમાં ભેળસેળ |
| ઉમાશંકર વૃંદાવન યાદવ | ઉત્તમ બેકરી,નરોડા | વનસ્પતિ ઘીમાં ભેળસેળ |

ચૂંટણી ઢંઢેરા પર પ્રતિબંધ મૂકવા કોર્ટમાં અરજી

# રાજકીય નેતા ચૂંટણી ઢંઢેરાના બહાને લોકોને મૂર્ખ બનાવે છે

## સરકાર સહિતના સંબંધિત સત્તાવાળાઓને હાઈકોર્ટની નોટિસ : ચૂંટણી ઢંઢેરો એક ભ્રષ્ટાચાર જ હોવાનો આક્ષેપ

અમદાવાદ, ૧૦

ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો દ્વારા ચૂંટણી ઢંઢેરાના બહાને નિર્દોષ પ્રજાજનોને મૂર્ખ બનાવતા હોઈ ચૂંટણી ઢંઢેરા પર પ્રતિબંધ મૂકવા દાદ માંગતી જાહેરહિતની રિટ અરજીની સુનાવણીમાં ગુજરાત હાઈકોર્ટે રાજય સરકાર સહિતના સંબંધિત સત્તાવાળાઓને નોટિસો જારી કરી હતી અને આ મામલામાં જરૂરી જવાબ રજૂ કરવા સરકારને નિર્દેશ કર્યો હતો. જાહેરહિતની રિટ અરજીમાં એ મતલબની રજૂઆત કરવામાં આવી હતી કે, ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો ચૂંટણી ઢંઢેરાઓ જારી કરી નાગરિકો-પ્રજાજનોને ખોટા વાયદાઓ અને મોટી જાહેરાતો કરી વચનો આપતા હોય છે, પાછળથી આ વચનો કે વાયદાઓ પાળવામાં આવતા નથી કે, તેનું કોઈ પાલન થતું નથી હોતું. ચૂંટણી ટાણે નિર્દોષ પ્રજાજનોને ચૂંટણી ઢંઢેરાના બહાને ખોટા વાયદાઓ કરી તેમના મતો મેળવવા તેમની સાથે એક પ્રકારે છેતરપીંડી અને વિશ્વાસઘાત થાય છે. પ્રજાજનો અને નાગરિકો લોકપ્રતિનિધિઓ અને રાજકીય નેતાઓના ચૂંટણી ઢંઢેરાની જાહેરાતો અને ખોટા વાયદાઓથી ગેરમાર્ગે દોરાય છે અને તેઓ ખોટા કે લાયકાત નહી ધરાવતા ઉમેદવારને મતો આપવા પ્રેરાય છે. આમ જોવા જઈએ તો, ચૂંટણી ઢંઢેરો એ એક પ્રકારનો ભ્રષ્ટાચાર જ છે અને તેથી હાઈકોર્ટે આ સમગ્ર પ્રક્રિયાને ગંભીરતાથી લઈ પ્રજાના અધિકાર અને હિતને ધ્યાનમાં રાખી ચૂંટણી ઢંઢેરા પર પ્રતિબંધ મૂકવાનો હુકમ કરવો જોઈએ. અરજદારપક્ષ તરફથી ચૂંટણી ઢંઢેરાના બહાને પ્રજાને ભોળવતા, લલચાવતા અને મતો માટે ગેરમાર્ગે દોરતાં તેમ જ ચૂંટણી ઢંઢેરાના વાયદાઓનું પાલન નહી કરતાં રાજકીય નેતાઓ અને જવાબદારો સામે પગલા લેવાવા જોઈએ અને લોકશાહી પ્રણાલિમાં નાગરિકોના હિતમાં આવા ચૂંટણી ઢંઢેરા પર પ્રતિબંધ મૂકવો જોઈએ. અરજદારપક્ષની રજૂઆત સાંભળ્યા બાદ હાઈકોર્ટે રાજય સરકાર સહિતના સંબંધિત સત્તાવાળાઓને નોટિસો જારી કરી કેસની વધુ સુનાવણી આગામી દિવસોમાં રાખી હતી.

ભેળસેળના કેસમાં આરોપી તત્વો સામે આકરું વલણ

# ભેળસેળ : ૧૮ વેપારીને જેલ તેમજ દંડની સજા ફટકારાઈ

## બીજીવાર ભેળસેળના ગુનામાં પકડાયેલા વેપારીઓને ત્રણ વર્ષની સજા ફટકારાઈ : ચાર વેપારીઓને છ માસની કેદ

અમદાવાદ, તા.૧૦

સમાજમાં વેપારીઓ અને ભેળસેળીયા તત્વો દ્વારા પ્રજાના આરોગ્ય સાથે ગંભીર ચેડા કરતી અને આરોગ્ય માટે હાનિકારક ચીજવસ્તુઓની ખાદ્યપદાર્થોમાં ભેળસેળ વધતી જાય છે ત્યારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની કોર્ટ નંબર-૮ દ્વારા મહત્વપૂર્ણ ચુકાદા જારી કરવામાં આવ્યા છે. જેમાં કોર્ટે ભેળસેળના ગુનામાં બીજીવાર પકડાયેલા બે આરોપીઓને ત્રણ વર્ષની સખત કેદની સજા અને રૂ.૨૦-૩૦ હજાર દંડ ફટકાર્યો છે. જે પૈકી એક આરોપી વેપારીને તેની વિરૂધ્ધના બે અલગ-અલગ કેસમાં ત્રણ-ત્રણ વર્ષની સખત કેદ ફટકારી છે, જેના પરિણામે આ આરોપી વેપારીને કુલ છ વર્ષની સજા ભોગવવાની થશે. જયારે ભેળસેળના કેસમાં અન્ય ચાર વેપારીઓને કોર્ટે છ-છ મહિનાની સખત કેદની સજા અને એક લાખ રૂપિયા દંડ ફટાકર્યો છે. જયારે ૧૨ આરોપીઓને કોર્ટે છ-છ મહિનાની સખત કેદની સજા અને રૂ.૧૦-૧૦ હજાર દંડ ફટકારતો મહત્વના હુકમો કર્યા છે.

શહેરના જુદા જુદા વિસ્તારમાં મેંગો મીલ્ક શેક, ઘી-તેલ, હળદર-મરચું સહિતની ખાદ્ય ચીજોમાં ભેળસેળના ઉપરોકત તમામ કેસોમાં આરોપી વેપારીઓને સખતમાં સખત સજા કરવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના એડવોકેટ મનોજ ખંધારે દલીલો કરતાં જણાવ્યું હતું કે, ખોરાક એ જીવનનિર્વાહ માટેની મૂળભૂત જરૂરિયાત છે. પ્રજાનું આરોગ્ય એ રાષ્ટ્રની સંપત્તિ છે. આજે સમાજમાં ખાદ્યચીજોમાં ભેળસેળ કરવાનું પ્રમાણ દિન-પ્રતિદિન વધી રહ્યું છે અને આવા આરોપી ભેળસેળીયા વેપારી તત્વો સહેજ પૈસા વધારે કમાવવાની લાલચમાં પ્રજાના આરોગ્ય સાથે ગંભીર ચેડા કરી રહ્યા છે. જેના કારણે સમાજે માઠા પરિણામ ભોગવવાનો વારો આવે. જેથી આરોપી વેપારીઓના ભેળસેળના ગુનાહીત કૃત્યને કોર્ટે સહેજપણ હળવાશથી લેવું જોઈએ નહી અને તમામ આરોપી વેપારીઓને કાયદાકીય જોગવાઈ મુજબ સખતમાં સખત સજા ફટકારવી જોઈએ. આ દલીલો ગ્રાહ્ય રાખી અમ્યુકો કોર્ટે ઉપરમુજબ સજાના મહત્વના હુકમો જારી કર્યા હતા.

સંચાલકોની અરજીઓનો સરકાર દ્વારા વિરોધ

# ખાનગી સ્કૂલના સંચાલકોને લક્ષ્મીની ચિંતા છે : સરકાર

## સરસ્વતીની સંચાલકોને ચિંતા જ નથી : ખાનગી સ્વનિર્ભર શાળા સંચાલકોને તેમના ખર્ચા કઈ રીતે વસૂલવા તેની ચિંતા

અમદાવાદ, ૮

ગુજરાત સ્વનિર્ભર શાળા ફી નિર્ધારણ કાયદો-૨૦૧૭ની કાયદેસરતાને પડકારતી ખાનગી સ્વનિર્ભર શાળાઓની જુદી જુદી રિટ અરજીઓની સુનાવણી દરમ્યાન આજે રાજય સરકાર તરફથી ગુજરાત હાઈકોર્ટમાં મહત્વની રજૂઆત કરવામાં આવી હતી કે, કાયદાકીય અને બંધારણીય જોગવાઈ મુજબ, રાજયમાં શિક્ષણ મફત હોવું જોઈએ પરંતુ ખાનગી સ્વનિર્ભર શાળાઓના સંચાલકોને મફત કે યોગ્ય ફીના ધોરણે શિક્ષણ આપવામાં રસ નથી, તેઓને તેમની શાળાઓના તગડા ખર્ચાઓ કાઢવા અને નફાખોરી રળવામાં રસ છે. ખાનગી સ્વનિર્ભર શાળા સંચાલકોને તેમના ખર્ચાઓ કઈ રીતે વસૂલવા તેની ચિંતા છે, પરંતુ વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાની ચિંતા નથી. વાસ્તવમાં તેઓને સરસ્વતીની નહી, લક્ષ્મીની ચિંતા છે. હાઈકોર્ટે કેસની વધુ સુનાવણી આગામી દિવસોમાં ટળી છે.

ખાનગી સ્વનિર્ભર શાળા સંચાલકોની ઢગલાબંધ રિટ અરજીઓનો રાજય સરકાર તરફથી આજે જોરદાર વિરોધ કરાયો હતો અને ખાનગી શાળા સંચાલકોની અરજી વિદ્યાર્થીઓ અને વાલીઓના હિત વિરોધી તેમ જ કાયદાકીય અને બંધારણીય જોગવાઈઓના ભંગ સમાન હોઈ ફગાવી દેવા હાઈકોર્ટને વિનંતી કરાઈ હતી. સંચાલકોએ વિદ્યાર્થીઓને અપાતા અદ્યતન અને સુવિધાયુકત શિક્ષણ તેમ જ વૈભવી શાળા હોઈ તે પ્રમાણેના ખર્ચા અને મેઈન્ટેનન્સનો બચાવ રજૂ કર્યો હતો, જેનો વિરોધ કરતાં સરકાર દ્વારા અદાલતને જણાવાયું હતું કે, ખાનગી સ્વનિર્ભર શાળા સંચાલકોને તેમના ખર્ચાઓ કાઢવાની અને નફાખોરી રળવાની ચિંતા છે પરંતુ કાયદેસર કે યોગ્ય ફી માં વિદ્યાર્થીઓને તેમના અધિકારનું શિક્ષણ પ્રાપ્ત થાય તેમાં જરાપણ રસ નથી. સરકારે બંધારણીય અને કાયદાકીય જોગવાઈને ધ્યાનમાં રાખીને જ વિદ્યાર્થીઓ અને વાલીઓના વિશાળ હિતમાં આ કાયદો અમલી બનાવ્યો છે, ત્યારે કાયદેસરતાને પડકારવાનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી, સંચાલકોની રિટ ટકી શકે તેમ જ ના હોઈ હાઈકોર્ટે તેને ફગાવી દેવી જોઈએ.

# ડિવોર્સી મહિલાની સાથે મૈત્રી કરારમાં યુવકે આપઘાત કર્યો

## આપઘાત કરનાર હિતેશને તેના મિત્ર, તેની ડિવોર્સી કાકીએ પ્રેમજાળમાં ફસાવ્યો અને મૈત્રીકરાર કરાવી લીધો : રિપોર્ટ

અમદાવાદ, તા.૧૦

શહેરના મેઘાણીનગર વિસ્તારમાં કલાપીનગર ખાતે રહેતો યુવકે તેના મિત્રની ડિવોર્સી કાકીની પ્રેમજાળમાં ફસાઈને જીંદગીથી હાથ ધોવાનો વારો આવ્યો છે. યુવકને પોતાનાથી પંદર વર્ષ મોટી ઉમંરની ડિવોર્સી મહિલા(મિત્રની કાકી) સાથે મૈત્રીકરાર કરાવી તેની પર બળાત્કારની ફરિયાદ કરવા સુધીનું એટલી હદે માનસિક દબાણ ઉભું કરાયું કે, હતાશ થઈ ગયેલા યુવકે આખરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. જો કે, યુવકે મરતા પહેલાં લખેલી સ્યુસાઈડ નોટમાં આરોપીઓના કૃત્યનો પર્દાફાશ કરતાં મેઘાણીનગર પોલીસે આરોપી મહિલા સહિત ત્રણ આરોપીઓની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. મોટી ઉમંરની મહિલા સાથેની મૈત્રી અને લીવ ઈન રિલેશનશીપ કે મૈત્રી કરારનું ઘણી વખત કેવું માઠું પરિણામ આવતું હોય છે તે આ કિસ્સા પરથી સ્પષ્ટ થાય છે. પ્રાપ્ત માહિતી મુજબ, શહેરના મેઘાણીગર વિસ્તારમાં કલાપીનગર ખાતે ગુજરાત હાઉસીંગ બોર્ડના મકાનોમાં લક્ષ્મણભાઈ આશેરી તેમની પત્ની, બે પુત્રો અને પુત્રી સાથે રહે છે. લક્ષ્મણભાઈ દરજીની દુકાનમાં સિલાઈકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમનો નાનો પુત્ર હિતેશ(ઉ.વ.૧૯) ખાનગી કંપનીમાં માર્કેટીંગમાં નોકરી કરતો હતો. બે મહિના પહેલા હિતેશને મેઘાણીનગરના ચમનપુરા ખાતે ઘીવાળી ચાલીમાં રહેતા વિશાલ ચૌહાણ સાથે મિત્રતા થઈ હતી. જેથી હિતેશ અને વિશાલની એકબીજાના ઘેર આવનજાવન રહેતી હતી. વિશાલના ઘેર જ તેના કાકી તારાબહેન પણ રહેતા હતા કે જે ડિવોર્સી છે અને લગભગ બારેક વર્ષ પહેલા તેમના છૂટાછેડા થઈ ગયા હતા. વિશાલની મદદથી તારાબહેને ભેગામળી હિતેશને પોતાની પ્રેમજાળમાં ફસાવ્યો હતો. વાત એટલે સુધી આગળ વધી હતી કે, હિતેશને બળજબરીપૂર્વક તારાબહેન સાથે પતિ-પત્ની તરીકે સાથે રહેવાનો મૈત્રી કરાર કરાવ્યો હતો. બાદમાં વિશાલ અવારનવાર હિતેશને તેની કાકી સાથે રહેવા દબાણ કરતો હતો. જેથી હિતેશે તેના પરિવારને વાત કરી હતી. બીજીબાજુ, વિશાલ અને તારાબહેન ભેગા મળી હિતેશને તેમની સાથે રહેવા દબાણ કરતા હતા અને જો તે નહી માને તો, તેની વિરૂધ્ધમાં પોલીસ સ્ટેશનમાં બળાત્કારની ફરિયાદ નોંધાવવાની ધમકી આપી હતી. જેથી હિતેશને તારાબહેનની ચુંગાલમાંથી છોડાવવા તેના માતા-પિતા તારાબહેનના બહેન પ્રભાબહેન ડાગીયા અને બનેવી સુનીલ ડાગીયાને મળ્યા હતા, તેઓએ હિતેશને છોડવાના રૂ.પાંચ લાખ માંગ્યા હતા. આ ગરીબ પરિવાર આટલા પૈસા આપવા અસમર્થ હોઈ તેઓ હિતેશને લઈ ઘેર આવી ગયા હતા.

બીજીબાજુ, વિશાલ અને તારાબહેન તરફથી ધમકી મુજબ, હિતેશ વિરૂધ્ધ બળાત્કારની ફરિયાદની અરજી આપવામાં આવી હતી, જેથી મેઘાણીનગર પોલીસે હિતેશને દોઢ દિવસ સુધી પોલીસ સ્ટેશનમાં બેસાડી રાખી તેનું નિવેદન લીધુ હતું અને પછી છોડયો હતો. મિત્ર અને તેની કાકીના ત્રાસથી કંટાળી હિંમત હારી ચૂકેલા હિતેશે શુક્રવારે પોતાના ઘેર ગળેફાંસો ખાઈ લીધો હતો. જો કે, મરતા પહેલાં તેણે સ્યુસાઈડ નોટ લખી હતી. આ સમગ્ર મામલામાં મરનાર યુવકના પિતા લક્ષ્મણભાઈની ફરિયાદના આધારે મેઘાણીનગર પોલીસે આરોપી મહિલા સહિત ૩ આરોપીઓની ધરપકડ કરી છે.

કાપડ બજારના એક લાખથી વધુ વેપારીઓ જોડાશે

# અમદાવાદ : કાપડના વેપારીઓ અચોક્કસ મુદતની હડતાળ પર

## ૧૨મી જૂલાઈએ અમદાવાદમાં વેપારીઓની મહારેલી યોજાશે : વેપારીઓનો જીએસટીના વિરોધમાં જોરદાર સૂત્રોચ્ચાર અને નારા લગાવી વિરોધ પ્રદર્શન

અમદાવાદ, તા.૧૦

સુરતમાં જીએસટીના પ્રચંડ વિરોધ બાદ હવે આજથી અમદાવાદમાં કાપડબજારના વેપારીઓ અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરી ગયા છે. કાપડબજારના વેપારીઓ, કારીગરો અને ઉદ્યોગકારોએ ખૂબ મોટી સંખ્યામાં એકત્ર થઈ જીએસટી પરત્વે જોરદાર વિરોધ વ્યકત કર્યો હતો અને જીએસટી હટાવોના નારા અને સૂત્રોચ્ચાર લગાવ્યા હતા. બીજીબાજુ, અમદાવાદ શહેરમાં તા.૧૨મી જૂલાઈએ કાપડઉદ્યોગના વેપારીઓ-કારીગરોની એક વિશાળ રેલી નીકળવાની છે, જેને લઈ તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આ મહારેલીમાં રાજયભરમાંથી કાપડબજારના એક લાખથી વધુ વેપારીઓ-કારીગરો જોડાનાર છે. કાપડબજારના વેપારીઓ દ્વારા સેલ્સટેક્સ ઓથોરીટી સહિતના સત્તાવાળાઓને આવેદનપત્ર આપી જીએસટીનો જોરદાર વિરોધ વ્યકત કરાશે. સુરતમાં કાપડબજારના વેપારીઓ પર જીએસટીઓના વિરોધ પ્રદર્શન દરમ્યાન પોલીસ દ્વારા પણ જીએસટી સામે વિરોધનો જોરદાર વંટોળ ફુંકાયો છે. જીએસટીના પાંચકુવા સિંધી માર્કેટ, શ્રીરામ માર્કેટ, મસ્કતી માર્કેટ, હરીઓમ માર્કેટ,



નિર્દયતાપૂર્વક લાઠીચાર્જ કરવાની ઘટના બાદ રાજયભરના કાપડબજારના વેપારીઓમાં ઘેરા પ્રત્યાઘાત પડયા છે. અમદાવાદમાં વિરોધમાં કાપડના વેપારીઓ આજથી અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરી ગયા છે. શહેરના ન્યુ કલોથ માર્કેટ, ઘંટાકર્ણ માર્કેટ, નૂતન કલોથ માર્કેટ, સુગ્નોમલ માર્કેટ, સફલ-૧,૨ અને ૩ માર્કેટ સહિતના કાપડબજારોમાં બંધના લીધે સન્નાટાનો માહોલ છવાયો હતો અને કાપડબજારનું કામકાજ ઠપ્પ થઈ ગયુ હતું. કાપડબજારના વેપારીઓએ ઉગ્ર આક્રોશ ઠાલવ્યો હતો કે, જયાં સુધી સરકાર જીએસટીના મુદ્દે તેઓની માંગ નહી સ્વીકારે ત્યાં સુધી કાપડબજારની અચોક્કસ મુદતની હડતાળ ચાલુ રહેશે. કાપડબજારના વેપારીઓના વિરોધ અને ઉગ્ર માંગણી છતાં રાજય સરકારે હજુ સુધી સમાધાનકારી વલણના પ્રયાસ સુધ્ધાં કર્યા નથી, જેને લઈ વેપારીઓમાં ઉગ્ર આક્રોશ છે. એક દિવસની હડતાળ કે બંધના કારણે વેપારીઓને આશરે ચાર હજાર કરોડ રૂપિયાનું નુકસાન થાય તે જોતાં અચોક્કસ મુદતની હડતાળથી વેપારીઓને હજારો કરોડો રૂપિયાનું નુકસાન થવાનું છે, તેમછતાં વેપારીઓ આ આર્થિક નુકસાન સહન કરીને પણ જીએસટી સામેની લડત લડવાના મક્કમ નિર્ધાર પર કાયમ છે. આજે અમદાવાદ ઉપરાંત, સુરત, મહેસાણા સહિતના જુદા જુદા સ્થળોએ પણ જીએસટીના વિરોધમાં દેખાવો યોજાયા હતા.

# પ્રાચીન જામા મસ્જિદ ખાતે આતશબાજી સાથે ઉજવણી

અમદાવાદ, તા.૧૦

અમદાવાદ શહેરને યુનેસ્કો દ્વારા વલર્ડ હેરિટેજ સીટીનો દરજ્જો આપવામાં આવ્યા બાદ આજે શહેરના પાનકોરનાકા વિસ્તારમાં આવેલી ઔતિહાસિક જામા મસ્જીદ ખાતે ઉલ્લાસભર્યા વાતાવરણમાં આતશબાજી સાથે ઉજવણી કરવામાં આવી હતી.આ સાથે શહેરમાં મેટ્રો રૂટ પર નડતરરૂપ એવા ૧૦૦ જેટલા વૃક્ષોના રી-પ્લાન્ટેશનની કામગીરીનો પણ આરંભ કરવામાં આવ્યો છે.આ અંગેની વિગત એવી છે કે,શનિવારે શહેરને આપવામાં આવેલા ટેગ બાદ આજે સાંજે શેહરના મેયર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન, ડેપ્યુટી મેયર, પક્ષનેતા,વિપક્ષનેતા સહીત અન્ય કોર્પોરેટરો પાનકોરનાકા વિસ્તારમાં આવેલી ઐતિહાસિક જામા મસ્જીદ ખાતે પહોંચ્યા હતા.જયાં ભવ્ય આતશબાજી કરી આ સિધ્ધિનો બિરદાવવામાં આવી હતી.આ પ્રસંગે મેયર ગૌતમ શાહે કહ્યુ કે,આંતર રાષ્ટ્રીય ફલક પર અમદાવાદ શહેરે સિધ્ધિ મેળવી છે જે તમામ અમદાવાદીઓ માટે ગૌરવની વાત છે.આ સિધ્ધિ બાદ હવે શહેર પ્રત્યે દેશ અને વિદેશના મુલાકાતીઓનું આકર્ષણ વધશે.આ અગાઉ મેયર અને મ્યુનિસિપલ કોર્પોરેશનના પદાધિકારીઓ બપોરના સમયે સ્ટેડીયમ વોર્ડ ખાતે પહોંચ્યા હતા જ્યાં મેટ્રો રેલ પ્રોજેકટ માટે રેલવેને પેરેલલ રૂટ તૈયાર કરવાનો હોઈ ૧૦૦ જેટલા નડતરરૂપ વૃક્ષોને રી-પ્લાન્ટ કરવાની જરૂર હોઈ મેટ્રો રેલ દ્વારા શરૂ કરવામાં આવેલી આ કામગીરીનો આરંભ કરાવવામાં આવ્યો હતો.આ પ્રસંગે મેગાના એમ.ડી.આઈ.પી.ગૌતમ પણ હાજર રહ્યા હતા.

વેપારીઓના પ્રતિનિધિઓ નીતિન પટેલને મળ્યા

# નાના વેપારી-કારીગરોની હાલત સૌથી કફોડી બની

## અમદાવાદમાં છેલ્લા ૧૫ દિવસથી જીએસટીના મામલે કાપડ બજાર વેપારીઓ ઉગ્ર વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે

અમદાવાદ, તા. ૧૦

જીએસટીના વિરોધમાં કાપડબજારના વેપારીઓ, ઉદ્યોગકારો અને કારીગરોએ અચોક્કસ મુદત સુધી કામકાજ ઠપ્પ કરી દીધું છે ત્યારે વિરોધના વંટોળ વચ્ચે નાના વેપારીઓ ખાસ કરીને કારીગરોની હાલત સૌથી કફોડ બની છે. અમદાવાદમાં છેલ્લા પંદર દિવસથી જીએસટીના મુદ્દે કાપડબજારના વેપારીઓનો વિરોધ ચાલી રહ્યો છે. જેના કારણે નાના વેપારીઓ અને કારીગરોની રોજીરોટી છીનવાઈ ગઈ છે. કેટલાક કારીગરો તો આજે રડી પડયા હતા અને જણાવ્યું કે, છેલ્લા પંદર દિવસથી કામ નહી હોવાથી પરિવારનું ગુજરાન કેવી રીતે ચલાવવુ તે ખબર નથી પડતી. મોટા માથાઓ અને સરકાર વચ્ચેની લડતમાં અમારી હાલત સૂડી વચ્ચે સોપારી જેવી થઈ ગઈ છે. અમારે તો રોજ પેટિયુ રળવાનું હોય છે, સરકારે અમારો વિચાર કરીને પણ આ જટિલ સમસ્યાનું નિરાકરણ લાવવું જોઈએ. વેપારીઓના પ્રતિનિધિમંડળે આજે ગાંધીનગર ખાતે રાજય સરકારના ત્રણ પ્રધાનો ઉપરાંત, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ અને કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયાને મળી રજૂઆત કરી હતી અને જીએસટીનું કોકડુ ઉકેલવા માંગ કરી હતી. જો કે, સરકાર તરફથી સંતોષજનક હૈયાધારણ નહી મળતાં વેપારીઓના આંદોલન અને રેલીના કાર્યક્રમો યથાવત્ રહ્યા છે.

# નર્મદા મહોત્સવની સમગ્ર ગુજરાતમાં ઉજવણી કરાશે

અમદાવાદ, તા.૧૦

મા નર્મદા મહોત્સવની અને નર્મદા રથયાત્રાની ઉજવણીની તલસ્પર્શી માહિતી આપતી વેબસાઈટનું મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આજે લોન્ચિંગ કર્યું હતું. રાજ્યના ૨૪ જિલ્લાના ૧૦ હજાર ગામોમાં મા નર્મદા મહોત્સવમાં નર્મદા રથ વધામણા અને ખેડૂત સભા, મહિલા સભા, યુવા સર્કલ રેલી, રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. વેબસાઈટ પર ઓનલાઈન રજિસ્ટ્રેશન થઈ શકશે. ગુજરાતની જીવા દોરી નર્મદા યોજનાના નર્મદા સરોવર ડેમના દરવાજા બંધ કરવામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારના નિર્ણયને પગલ ગુજરાતના ભાવી વિકાસના દ્વાર ખુલી ગયા છે.આ ઐતિહાસિક નિર્ણયનો જનભાગીદારીથી ઉમંગ ઉત્સાહ તરીકે ઉજવવાનો નિર્ણયકરવામાં આવ્યોછે. આના માટે એક વેબસાઈટની શરૂઆત કરાઈ છે.



વરસાદના કારણે શહેરના જુદા જુદા વિસ્તારમાં હાલમાં ખાડા પડી ગયા છે. ખાડાઓને દૂર કરવાના પ્રયાસો પણ તંત્ર દ્વારા હાથ ધરાયા છે.

હેરિટેજનો દરજ્જો મળવા માટે ઘણા કારણ

# ગાંધીજીની યાદો અને શહેરની પોળો હેરિટેજમાં મદદરૂપ થઈ

## સ્પર્ધામાં મુંબઈ અને દિલ્હીને અમદાવાદે પાછળ છોડ્યા

અમદાવાદ, તા.૧૦

પોલેન્ડના કારકો ખાતે ૨ જૂલાઈથી ૧૨ જૂલાઈ દરમિયાન મળેલી યુનેસ્કોની ખાસ બેઠકમાં ૯ જૂલાઈના રોજ અમદાવાદ શહેરને વલર્ડ હેરિટેજસીટીનો દરજ્જો આપવામાં આવ્યો હોવાની જાહેરાત કરવામાં આવી હતી.અમદાવાદ શહેરને આ દરજ્જો મેળવવામાં ડોઝીયરમાં રજુ કરવામાં આવેલી રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની યાદો અને શહેરની પોળો મદદરૂપ બની હોવાનું અહેવાલમાં બહાર આવવા પામ્યું છે. આ અંગે મળતી માહીતી અનુસાર,વલર્ડ હેરિટેજ સીટીનો દરજ્જો મેળવવા માટે દેશના બે મહાનગર મુંબઈ અને દિલ્હી પણ સ્પર્ધામાં હતા. મુંબઈએ તૈયાર કરેલા ડોઝીયરમાં ૧૯મી સદીના નીઓ ગોથિક માળખા અને ૨૦મી સદીની મરીન ડ્રાઈવની આસપાસની ઈમારતોનો ઉલ્લેખ કર્યો હતો.પરંતુ વિકટોરિયા ટર્મિનસનો સમાવેશ કર્યો ન હતો..બીજી તરફ દેશની રાજધાની દિલ્હી દ્વારા તૈયાર કરવામાં આવેલા ડોઝીયરમાં હુમાયોનો મકબારો,લાલ કિલ્લા અને કુતુબ મિનારનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, પરંતુ આ ટેગ મળશે તો શહેરીકરણના પ્રોજેકટ ઉપર અસર થવા પામશે એમ વિચારીને છેલ્લી ઘડીએ ડોઝીયર પરત ખેંચવામાં આવ્યું હતું.બીજી તરફ ૬૦૬ વર્ષના અમદાવાદ શહેર દ્વારા તૈયાર કરવામાં આવેલા ડોઝીયરમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની અમદાવાદ શહેર સાથે સંકળાયેલી અનેક હકીકતો દસ્તાવેજો સાથે રજુ કરવામાં આવી હતી.જેમાં વર્ષ-૧૯૧૫થી વર્ષ-૧૯૩૦ સુધી ગાંધીજીએ દેશને આઝાદ કરવા માટે અમદાવાદને પોતાના મુકામ સ્થાન તરીકે પસંદ કર્યુ હતુ તે સમયના તેમના પહેલા મકાનથી લઈને અનેક યાદો રજુ કરવામાં આવી હતી.આ સાથે જ શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલા ૩૫ જેટલા મોન્યુમેન્ટસ અને અમદાવાદ શહેરના કોટ વિસ્તારમાં આવેલી પોળના ૨૫૦૦થી વધુ ઐતિહાસિક મકાનો અને ચબુતરા સહીતની વિગતો ડોઝીયરમાં રજુ કરવામાં આવી હોવાના કારણે ભારત સરકાર દ્વારા પણ અમદાવાદ શહેરનુ ડોઝીયર યુનેસ્કોમાં સબમીટ થાય એ માટેના પ્રયાસો કરવામાં આવ્યા હતા.આમ અમદાવાદ શહેરને વૈશ્વિક હેરીટેજસીટીનો ટેગ મેળવવામાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી અને અમદાવાદ શહેરની પોળો સાચા અર્થમાં મદદરૂપ બની રહેવા પામી હતી.

PRINTED, PUBLISHED AND OWNED BY **GAUTAM CHANDULAL BAROT** AND PRINTED AT **MADHVI PRINT POINT**, 96/7, SHIV ESTATE, OPP. VCS INDIA, NEAR BARODA EXPRESS HIGHWAY, JASHODANAGAR, AHMEDABAD-380026 AND PUBLISHED FROM 21, SOMVILLA BUNGLOWS, OPP. ASOPALAV BUNGLOW, BHAIKAKA NAGAR, THALTEJ, AHMEDABAD-380059. EDITOR : **GAUTAM CHANDULAL BAROT**